કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૪૧ ● જાન્યુઆરી ૨૦૧૯



## શ્રી કપિશ્વરધામ મકનસર મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા શ્રીહરિના આઠમા વંશજ પ.પૂ.લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧












૧.શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ પ્રસંગે ધૂન કરતા સંત હરિભક્તો તથા રાસ રમતા અસારવા ગુરૂકુળના વિદ્યાર્થીઓ. ૨.ધિણોજ (મહેસાણા)મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૩.વાગોસણા ગામે ત્રિદિનાત્મક પારાયણ. ૪.કલોલ જુનાચોરા મંદિરમાં કથા પારાયણ કરાવતા વક્તાશ્રી તથા અમદાવાદમંદિરના પૂ. મહંત સ્વામી તથા સંત મંડળ.

# આપણા વિવિધ મંદિરોમાં શાકોત્સવના દર્શન










# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૨ ● અંક : ૧૪૧

જાન્યુઆરી-૨૦૧૯

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**
**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ધૂપબત્તી | ૦૬ |
| ૦૪. | શ્રી હરિકૃષ્ણના સ્વરૂપને હૃદય કમળમાં ધારવું | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૦ |
| ૦૬. | સમર્પણ પત્ર | ૧૩ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૨૩ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૬ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૯ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૩૦ |

# અસ્મદીયમ્

ધનુર્માસની કડકડતી ઠંડીમાં આપ સૌ શ્રીહરિના ભક્તોએ આખો માસ ષડક્ષરી મહામંત્ર સર્વોપરી શ્રી સ્વામિનારયણ ભગવાનનું અલૌકિક નામ સ્મરણનું ગાન કર્યું. જગતના લોકો પથારીમાં પડ્યા પડ્યા નસકોરા બોલાવતા હોય અને ભગવાન સ્વામિનારાયણના આશ્રિત ભક્તો વહેલા સવારમાં નાહી ધોઈ પૂજા પાઠ નિત્યક્રમ કરી આપણા શિખરબધ્ધ કે હરિમંદિરમાં મહામંત્ર ધૂનમાં સહ પરિવાર બેસીને ચોર્યાસી લાખ જન્મ બાદ આ છેલ્લો મહામૂલો મનુષ્ય દેહ મળ્યો છે તેને ભગવાન સાથેનો સંબંધ બાંધી સર્વોપરી શ્રીહરિને ઓળખીને સહેજે સહેજે કલ્યાણ સાધી લેવા ઉત્સુક અને તત્પર બની જાય છે. એજ આ મનુષ્ય જન્મની સાર્થકતા છે.

“જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને અંત કાળે સ્મૃતિ રહે અથવા ન રહે તો પણ તેનું અકલ્યાણ થાય નહી. તેની તો ભગવાન રક્ષા કરે છે. અને જે ભગવાન થકી વિમુખ છે તે તો બોલતા-ચાલતાં દેહ મૂકે છે તો પણ તેનું કલ્યાણ થાતું નથી અને તે યમપુરીમાં જાય છે. અને કેટલાક પાપી કસાઈ હોય તે બોલતા ચાલતા દેહ મૂકે છે અને ભગવાનનો ભક્ત હોય અને તેનું અકાળ મૃત્યુ થયું તે માટે શું તેનું અકલ્યાણ થાશે અને તે પાપીનું કલ્યાણ થાશે ? નહીં જ થાય ! ત્યારે એ શ્રૃતિનો અર્થ એમ કરવો જે, જેવી હમણા એને મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે. માટે જે ભક્ત છે તેની મતિમાં એમ રહ્યું છે જે ‘મારૂ કલ્યાણ તો થઈ રહ્યું છે.’ તો તેનું કલ્યાણ અંતકાળે થઈ જ રહ્યું છે, અને જેને સંતની પ્રાપ્તિ નથી થઈ અને ભગવાનના સ્વરૂપની પણ પ્રાપ્તિ નથી થઈ, તેની મતિમાં તો એમ વર્તે છે જે હું અજ્ઞાની છું અને મારૂ કલ્યાણ નહિ થાય. તેવી જેવી એની મતિ છે તેવી એની અંતકાળે ગતિ થાય છે. અને જે ભગવાનના દાસ થયા છે. તેને તો કાંઈ કરવું રહ્યું નથી. એના દર્શને કરીને તો બીજા જીવનું કલ્યાણ થાય છે. તો એનું કલ્યાણ થાય એમાં શું કહેવું ? (ગ.પ્ર.પ્ર.-૧૪)

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

(ડિસેમ્બર-૨૦૧૮)



| | |
|---|---|
| ૭ | ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ-શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે. |
| ૧૧ | ભાટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર કથા પ્રસંગે. |
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૩ | નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મકનસર (મોરબી) મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. |
| ૧૪ | મેડા (મેઢા) શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા અને ભાઈઓના મંદિરનો શતાબ્દી મહોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો. |
| ૧૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (પંચવટી) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા પાટોત્સવ પ્રસંગે અને કુબડથલ ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૭ | કાશીન્દ્રા ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૯ | સોજા ગામે કથા પ્રસંગે પધરામણી. |
| ૨૧ | વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિર માખણીયા લાલજી મહારાજના પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૮ | ધિણોજ ગામે પધરામણી. |
| ૨૯ | બદપુરા ગામે કથા પ્રસંગે પધરામણી. |

શ્રી સ્વામિનારાયણ



# ધૂપબત્તી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી વૈદિક-પૌરાણિક પૂજા-અર્ચના વિધિમાં પંચોપચાર અને ષોડશોપચાર આમ વિવિધ ઉપચાર વડે દેવ-દેવી-ઈષ્ટદેવની પૂજા કરવામાં આવે છે. તે સોળ ઉપચારોમાં સર્વ પ્રથમ બહુજ મહત્વનો ઉપચાર ''ધૂપ'' ઉપચાર માનવામાં આવે છે. અન્ય ઉપચારોના અભાવમાં જલ-અક્ષત વડે પણ પરિકલ્પનાઓ કરીને પૂર્ણ કરવામાં આવે છે. પરંતું ''ધૂપ'' ઉપચારની કલ્પના અન્ય કોઈ વિકલ્પથી થઈ શકે નહિ. પૂજાના પ્રારંભમાં દેવ-દેવીઓના આમંત્રણ-આગમનને ધૂપના માધ્યમથી તે સ્વરુપ મૂર્તિ કે સોપારીમાં આવાહિત કરવામાં આવે છે. પ્રત્યેક દેવ-દેવી ધૂપના માધ્યમથી આવાહિત થઈને બિરાજમાન થાય છે. તથા પ્રતિષ્ઠિત સ્વરુપમાં પૂજાના પૂર્વ પ્રારંભમાં ''ધૂપ''ની સુગંધ વડે દેવ-દેવીને જાગૃત કરવાની પરંપરા છે. ''ધૂપ'' ના આકર્ષણથી અગમ અગોચર (ઉજાગર) સ્થાનમાં રહેલા ચૈતન્ય સ્વરુપ માત્ર ધૂપના નિવેદન માત્રથી પ્રગટ પ્રત્યક્ષ ઉપસ્થિત થઈ જાય છે. તે પછી પ્રતિષ્ઠિત અર્ચાવતાર સ્વરુપ હોય કે નૈમિત્તક કાર્ય પ્રસંગ, પ્રસંગોપાત આવાહન્ પૂજનનો સમય હોય, સુક્ષ્મદેહધારી અસંખ્ય સાત્વિક-રાજસી-તામસી ચૈતન્ય સ્વરુપ તથા ભગવાનના અવતાર સ્વરુપોને મૃત્યુલોકમાં આવાહિત કરવા જે તે સ્વરુપ ભિન્ન ભિન્ન ગંધ-સુગંધથી જોડાયેલ સમાહિત છે. જેની જેની જે સુગંધ દ્રવ્યોને ધૂપના માધ્યમથી નિવેદન કરવામાં આવે તે તત્કાળ હાજર થઈ જાય છે. કેમ કે તે દ્રવ્યોમાં તેનું સ્થાન નક્કી કરવામાં આવેલું છે.

ધૂપમાં રહેવા સુગંધી દ્રવ્યો એક તો દેવ-દેવીને આકર્ષિત કરે છે તથા વાયુ મંડળના નકારાત્મક તત્વોનો નાશ કરે છે. નકારાત્મક કીટાણુંઓ તેમજ નકારાત્મક મલિન આત્માઓ તત્કાળ ધૂપના સુગંધને સહન નહિ કરવાથી ત્યાંથી પલાયન થઈ જાય છે. સાથે સાથે હકારાત્મક ચૈતન્ય સ્વરુપ સુખરૂપે ત્યાં ઉપસ્થિત રહે છે. આ બ્રહ્માંડ સાત્વિક, રાજસી, તામસી ત્રણેય ગુણોથી બનેલું છે. અને ઉત્પત્તિ-સ્થિતિ પ્રલયના જવાબદાર તત્વોમાં આ ત્રણ ગુણોને મુખ્ય કહ્યા છે. એટલે નકારાત્મક તામસી તત્વ વાયુ મંડળમાં અભિન્ન રુપે રહ્યું છે. એટલે સાત્વિક સ્વરુપને અખંડ રાખવા તામસીકને તે સ્થાન મુક્ત કરાવવા જરૂરી બને છે.

પૂજાતંત્રના મતાનુંસાર દેવકાર્યમાં ઉપયોગી ધૂપના સોળ પ્રકારને પ્રમાણિત કરવામાં આવ્યા છે. (૧) અગર (૨) નગર (૩) કુષ્ઠ (૪) શૈલજ (૫) સર્કરા (૬) નાગર (૭) ચંદન (૮) ઈલાયચી (૯) તજ (૧૦) નખનખી (૧૧) મુસીર (૧૨) જટામાસી (૧૩) કપૂર (૧૪) રતાંજલી (૧૫) સદલન (૧૬) ગુંગળ. એમ આ સોળ પ્રકારના ધૂપ માનવામાં આવ્યા છે. તથા દશ પ્રકારના સુગંધી દ્રવ્યો જે. ચંદન, કુષ્ઠ, નખલ, રાળ, સરકટા, ઈક્ષુરસ, નખગંધ, જટામાસી, લઘુ, ક્ષૌત્ર આમ આ દસ પ્રકારના પદાર્થોનું સમાન માત્રામાં મિશ્રણ કરીને તૈયાર કરવામાં આવેલી ધૂપને ખૂબજ ઉત્તમ પ્રકારની દશાંગ ધૂપ કહેવામાં આવે છે. તથા ગુંગળ, લોબાન, સરસવ, ને ગાયના ઘીમાં મિક્ષણ કરીને ગાયના છાણા ઉપર ધૂપ

કરવામાં આવે છે તે પણ ઉત્તમ ધૂપ કહેવામાં આવે છે અને તેવા ધૂપથી માણસના મસ્તિષ્કના વિકાર આદિ દૂર થાય છે.

નિત્યનૈમિત્તિક પૂજા હોય અથવા સવાર-સાંજની નિત્ય પૂજા,આરતી હોય તેમાં પણ આરતીના પાંચ તત્ત્વોની પૂજા દ્રવ્યોમાં ધૂપને વાયુ તત્વનું પ્રતિક માનવામાં આવે છે. જ્યારે આરતી કરવી હોય અથવા સવાર-સાંજ ઘરમાં કે મંદિરમાં પ્રતિષ્ઠ સેવાના સ્વરુપ હોય તેની સન્મુખ અગરબત્તી અને દીવો કરવામાં આવે ત્યારે જે તે સ્વરુપ તે ભક્તની પ્રાર્થના-પૂજાને સ્વીકારીને તેના પર પ્રસન્ન થાય છે. જ્યાં સુધી ધૂપ અને દીપ ચાલું હોય ત્યાં સુધી જે તે સ્વરુપ પ્રગટ રહીને તેની પ્રાર્થનાનો સ્વીકાર કરે છે. એટલે તો મંદિરોમાં અખંડ દીપ રાખવામાં આવે છે. અચલ પ્રતિષ્ઠિત સ્વરુપ મૂર્તિમાં સદાય પ્રગટ જ હોય પરંતુ ધૂપ-દીપના પ્રભાવથી જે તે સ્વરુપમાંથી અનંત ઉર્જાનો સ્ત્રોત અને ઐશ્વર્યો દિવ્ય તત્વોનો ખજાનો અખંડ પ્રવાહ સ્વરૂપે વહ્યા કરે છે. ત્યાં ઉપસ્થિત ભક્તની સર્વ મનોકામના પરિપૂર્ણ થાય છે.

ધૂપ દીપના અભાવમાં હનુમાનજી જેવા તપસ્વી ભજનિક ભક્ત શિરોમણી સ્વરુપ તત્કાળ ધ્યાનસ્થ અવસ્થામાં જતા રહે છે. તેથી ભક્તની પ્રાર્થના યથાર્થ સફળ થતી નથી.  કારણ કે અક્ષર બીજ મંત્રથી પણ ધૂપ દિપાદિક થતું હોય છે.

વર્તમાન સમયમાં બજારમાં આવતી અગરબત્તી વાંસની સળીઓમાંથી બનાવેલી જોવા મળે છે. વાંસની સળી ઉપર કેમિકલ વાળા દ્રવ્યો ચોટાડીને અગરબત્તી તૈયાર કરવામાં આવે છે. ખરેખર વાંસના કાષ્ટને સળગાવવાનો શાસ્ત્રોમાં નિષેધ કહ્યો છે. વાંસને સૌભાગ્યનું પ્રતિક માનવામાં આવે છે. તેને બાળવાથી સૌભાગ્ય ખંડિત થવાની સમસ્યા આવે છે. ઘરમાં વાંસને બાળવો તે અમંગળને નોતરું આપવા તુલ્ય છે. તે ભલેને અગરબત્તીના માધ્યમથી પણ વાંસની સળી સળગાવાથી તેમાં રહેલા દોષ તો વાતાવરણને પ્રભાવિત કરે છે. તેમજ વાંસના સળગવાથી તેના ધુમાડામાંથી ઝેરી વાયુ નીકળે છે જે માણસના સ્વાસ્થ્ય પર આડ અસર કરે છે. ફેંગ સૂઈના મતે પણ વાંસને સળગાવવાની ના પાડે છે. તો હવે ધૂપ વિના પૂજા પ્રાર્થના આવાહન શક્ય નથી તો વર્તમાન સમયના સંજોગો જોતાં વાંસની સળી વિનાની ધૂપબત્તી બજારમાં અલગ અલગ રુપમાં મળે છે. તો તેના વડે ધૂપ પ્રગટાવવો એ નિર્દોષ સરળ માર્ગ છે.

વળી હાલમાં ગૌ દ્રવ્યમય છાણામાંથી તથા કપૂર ચંદન માંથી બનાવેલ શુધ્ધ સાત્વિક ધૂપબત્તી વાંસની સળી વિનાની મળે છે તેનો પણ ઉપયોગ કરી શકાય છે. કેટલાક સંતોના મતાનુંસાર દેવની સમીપે જે ધૂપ સળગાવે છે તે ધૂપની સાથે સાથે તેના દૂષિત પૂર્વ કર્મો પણ સળગતા રહે છે. એક સંતે એમ પણ કહ્યું છે કે, નિત્ય ધૂપ કરવાની શ્રધ્ધા કે શક્તિ ન હોય તો પ્રત્યેક મહિનાની તેરશ, ચૌદશ, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે અવશ્ય ધૂપ કરવો જોઈએ. ધૂપની સંખ્યાની બાબતમાં ઈષ્ટદેવને અર્થે એક કુલદેવને અર્થે એક, કુલદેવીના અર્થે એક, એમ કુલ અલગ અલગ ત્રણ ધૂપ હોવા જોઈએ. તેમ છતાં એક જ ધૂપમાં ત્રણેયનો ભાવ કરીને એક ધૂપ પણ માન્ય કરેલ છે.

દરેક ભગવાનના સ્વરુપ તથા દેવ દેવીના સ્વરુપ વૈદિક પૌરાણિક રીતે પ્રમાણિત દરેકની અલગ અલગ ગંધ સાથે તે તે સ્વરુપ સાથે જોડાયેલ છે. એટલે જે તે સ્વરુપને તે તે ગંધ અર્પણ કરવાથી તત્વરુપ પ્રગટ થાય છે. તેના પ્રમાણ છે કે, કેટલાક મંદિરોમાં દેવના ગર્ભગૃહમાંથી સુગંધિત વાતાવરણનો અખંડ પ્રવાહ પ્રસરાતો જોવા મળે છે. કે જે મંદિરોની સેવા પૂજાવિધિ સમ્પૂર્ણ શાસ્ત્રોક્ત રીતે થતી હોય જેમ કે, આપણા મંદિરો જેવા કે અમદાવાદ, મૂળી, ભૂજ, વડતાલ, જેતલપુર, ગઢડા, જુનાગઢ, સારંગપુર, છપિયા વિગેરે ધામોના ગર્ભગૃહમાં અલગ અલગ સુગંધનો અનુભવ થાય છે. તે માત્ર ફુલોના શણગારનો નહિ પરંતુ ભગવાનની મૂર્તિઓમાંથી સુગંધ પ્રગટ થાય છે. અને અન્ય મોટા મોટા મંદિરોમાંથી પણ સુગંધીત વાતાવરણનો અનુભવ થાય છે.

(૧) ધૂપ એટલે ઉત્તમ વનસ્પતિઓના રસમાંથી ઉત્પન્ન થયેલ દ્રવ્ય, જેનાથી ઉત્તમ ગંધ અને દેવપ્રસન્નકર બને છે.

(૨) પિતૃઓનો આધાર એ પવન છે. પિતૃઓ સુગંધીત પવન સાથે વધારે પ્રસન્નતાથી હાજર થઈ પોતાના વંશને આશીર્વાદ આપતા હોય છે.

(૩) યં જે છે જે સુગંધીનો બીજાક્ષર છે.

(૪) કેટલાક મુનિઓના મતે પીપળની લાખ, મધ, સફેદ ચંદન વિગેરે પણ માન્ય કરેલ છે.



# શ્રી હરિકૃષ્ણના સ્વરૂપને હૃદય કમળમાં ધારવું

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

पुषपिताग्रावृत्तम् योगानन्द मुनि कृत

सजलजलदसुन्दरं समांगं सरसिरुहेक्षणमीक्षणीयमूर्तिम् ॥
निखिलभुवननायकैकनाथं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥१॥
कलितललितनीलनुत्लवासः कटितटमंसतटे पटंदधानम् ॥
वसितविशदसुन्दरांबरं च हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥२॥
कुसुमरचितशेखरालिरम्यं शिरसि सुरक्तशिरः पटं दधानम् ॥
विविधकुसुमहारिकम्बुकण्ठं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥३॥
भगणमुनिगणैर्वृत्तंयथेन्दु सदयदृशास्वजनान्विलोकयन्तम् ॥
मधुरवचनमोदितस्वभक्तं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥४॥
रुचिकरपुटे विचालयन्तं नवतुलसीन्धनसंभवा सुमालाम् ॥
मुनिविहितसबीजसांख्ययोगं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥५॥
हसितवदनचन्द्रचन्द्रिकाभिर्हतनिजभक्तहृदन्धकारतापम् ॥
प्रकटीतजगतीसधर्मभक्तिं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥६॥
धृतिदमशमशीलसत्यशौच स्मृतिबलकीर्तितपः प्रगल्भतादयैः ॥
अपरिमितगुणयुतं च नित्यहादं हरिकृष्णमहं सदा स्मरामि ॥७॥
परनिजमहसा जनान्समाधौ प्रकृतिपराक्षरनैज धामनिष्ठाम् ॥
जगति निज तनुं च दर्शयन्तं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥८॥

॥ इति श्रीयोगानन्दमुनि विरांचित हरिकृष्णस्मरणाष्टकम् ॥

ભગવાનના પરમએકાંતિક ભક્તો હમેંશા પોતાના ઈષ્ટ પરંબ્રહ્મપરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક સ્વરૂપને સદા પોતાના હૃદય કમળમાં ધારણ કરીને જ વિચરતાં હોય છે. તો પણ તે સ્મૃતિને કાયમ તાજી તરો રાખવા માટે તે પ્રભુની મૂર્તિને કેવા પ્રકારે કરીને સરળતાથી અને સતત પોતાના હૃદયમાં ધારણ કરી રાખવી તેના માટે અનેક પ્રકારની યુક્તિ પ્રયુક્તિ શિખતા જ રહે છે. તેવી જ કોઈક યુક્તિને આત્મસાત કરનારા શ્રીયોગાનન્દમુનિ આ સ્તોત્ર અષ્ઠકમાં વર્ણન કરે છે. યોગાનન્દ મુનિ ઉત્તરગુજરાતના ગણથોર નામના ગામમાં પવિત્ર ક્ષત્રિય પરિવારમાં જન્મ ધારણ કરીને અમદાવાદ પાસેના કણભા ગામે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન થયા અને શ્રીહરિના ચરણ કમળમાં પોતે આત્મસમર્પણ કરીને હૃદયમાં જે સ્વરૂપના દર્શન થયા છે તેજ સ્વરૂપને સદાય ધારણ કરવા માટે સેવામાં જોડાઈ ગયા . તેનું સુન્દર વર્ણનનો અર્થ આપણે વિચારીએ—

सजलजलदसुन्दरं समांगं सरसिरुहेक्षणमीक्षणीयमूर्तिम् ॥
निखिलभुवननायकैकनाथं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥१॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના હરિકૃષ્ણ નામ ધારી સ્વરૂપનું વર્ણન કરતાં યોગાનન્દ મુનિ કહે છે.—ચોમાસાની શરૂઆતમાં અષાઢ માસના તાજા ચડી આવેલા મેઘાડમ્બરના જળથી ભરપુર વાદળો જેવું શ્યામ છે. સરોવરમાં પૂર્ણ રીતે તંદુરસ્ત અને વિકસિત કમળના જેવી મુખાકૃતિ છે. બધાજ અંગો સમાન રીતે શોભા યુક્ત છે. અર્થાત મુખાકૃતિમાં આંખો નાક કાન અધરોષ્ટ અને લલાટ એવા શોભે છે જાણે જોનારાઓ દર્શન કરનારાઓની આંખો જોયા કરે છે. એક ક્ષણ પણ દર્શન કરવાનું છોડતા નથી. તે પરમાત્મા સ્વયં પોતે જ એક જ અનન્ત કોટી બ્રહ્માડોના સ્વામી નાથ નાયક અને કર્તાહર્તા છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૧)

कलितललितनीलनुत्लवासः कटितटमंसतटे पटंदधानम् ॥
वसितविशदसुन्दरांबरं च हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥२॥

ભગવાન શ્રીહરિકૃષ્ણએ પોતાના ભક્તોને સુખ આપવા માટે પોતાના અંગ ઉપર સુન્દર કલા કારીગરીથી બનાવેલ અનેક પ્રકારની ભાતભાતની આકૃતિઓ વાળા શ્યામ (મેઘ જેવા વાદળી) રંગના જરિયાની વસ્ત્રો ધારણ કરેલા છે. રણભૂમિમાં જનારા શૂરવીરો જેમ પોતાની રક્ષા માટે કસીને ભેટ બાંધે છે તેમ શ્રીહરિએ સુન્દર વસ્ત્રની મજબુત ભેટ

બાંધી છે. ખૂબ સુન્દર લાંબા વિશાળ મોટા પનાનું પીતાંબર ધોતી ધારણ કરેલ છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૨)

कुसुमरचितशेखरालिरम्यं शिरसि सुरक्तशिरः पटं दधानम् ॥

विविधकुसुमहारिकम्बुकण्ठं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥३॥

મારા પ્રભુએ સુગંધીદાર રંગબેરંગી પુષ્પોથી ગૂંથેલા પરોવેલાં લાંબા તોરા મસ્તક ઉપર ધારણ કરેલી ચમકતા લાલ રંગની પાઘમાં ખોસી રાખ્યા છે ધારણ કરી રાખ્યા છે. સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા શંખના જેવાં આકૃતિવાળા કંઠ ડોક ઉપર અનેક પ્રકારના સુગંધ યુક્ત રંગબેરંગી પુષ્પોના ફુલોના હારો ધારણ કરેલાં છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરું છું. (૩)

भगणमुनिगणैर्वृत्तंयथेन्दु सदयदृशास्वजनान्विलोकयन्तम् ॥

मधुरवचनमोदितस्वभक्तं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥४॥

આકાશમાં જેમ અસંખ્ય ચમકતા તેજસ્વી તારલાઓથી વિંટળાયેલો ચન્દ્ર જેમ સૌનું પોષણ કરે છે અને શિતળતા આપે છે તેમ શ્રીહરિની ચારે બાજુ મહાન તપસ્વી પરમહંસો વિંટળાઈને બેઠા છે. અને સર્વત્ર પોતાના ભક્તોને સહાય કરૂણામય દ્રષ્ટિથી જોવા માત્રથી તેમને સુખ આપે છે. ત્યારે મધુર અમૃત જેવા વચનામૃતોનો ઉપદેશ આપીને પરમહંસોને અને સર્વ ભક્તોને અતિ આનન્દ ઉપજાવે છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું. ધારણ કરીને રાખું છું. (૪)

रुचिकरपुटे विचालयन्तं नवतुलसीन्धनसंभवा सुमालाम् ॥

मुनिविहितसबीजसांख्ययोगं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥५॥

પ્રભુ શ્રીહરિ જગતના જીવ માત્રને અભયદાન આપનારા પોતાના અતિ પ્રિયકર રૂચિકરનારા હસ્ત કમળની મુઠ્ઠી જે દર્શન કરનારાની રૂચિને અનુરૂપ જેમના કરકમળનો સુન્દર આકાર છે, એવા પોતાના જમણા હસ્તકમળની વચલી આંગળી ઉપર રાખીને નવા તાજી તુલસીના લાકડામાંથી બનાવેલ ૧૦૮ મણકા વાળી માળાને ફેરવે છે. અને સામે બેઠેલાં પોતાના ભક્તોને સબીજ સાંખ્ય શાસ્ત્રનું રહસ્ય અને સબીજ યોગશાસ્ત્રનું રહસ્ય અને તેને સમજવાની રીત શિખવે છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૫)

हसितवदनचन्द्रचन्द्रिकाभिर्हतनिजभक्तहृदन्धकारतापम् ॥

प्रकटीतजगतीसधर्मभक्तिं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥६॥

આકાશમાં શિતળ શાન્ત ચન્દ્રનો ઉદય થાય અને પોયણાઓ ખીલી ઉઠે છે તેમ મંદ મંદ હાસ્ય યુક્ત શ્રીહરિના મુખચન્દ્રના દર્શન કરવાથી પોતાના ભક્તોના હૃદયમાંથી અજ્ઞાન રૂપી અંધકારનો તત્કાળ જ નાશ થાય છે. અર્થાત હૃદયમાં રહેલાં અહં મમત્વ રૂપી અજ્ઞાનના અંધકારને દૂર કરે છે. જગતમાં મનુષ્ય દેહ ધારણ કરીને સ્વયં પોતે ધર્મભક્તિના આંગણે પ્રકટ થયા છે . તે પણ વિશ્વમાં સદ્ ધર્મે યુક્ત પરાભક્તિની પ્રવૃત્તિ કરવા માટે જ છે. અર્થાત મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુઓએ ધર્મે યુક્ત ભક્તિ કરીને પરમાત્માને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપે છે . એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૬)

धृतिदमशमशीलसत्यशौच स्मृतिबलकीर्तितपः प्रगल्भतादयैः ॥

अपरिमितगुणयुतं च नित्यहादं हरिकृष्णमहं सदा स्मरामि ॥७॥

જે શ્રીહરિના સ્વરૂપનો આશ્રય કરીને સદા ધૈર્ય ધીરજતા રૂપ ગુણ, દમ ઈન્દ્રિય નિગ્રહ શમ કલ્યાણ કારી ગુણ રૂપ શાન્તિ, શીલ વર્ણાશ્રમની મર્યાદા પૂર્વકનું ચારિત્ર્ય રૂપ ગુણ, સત્ય સર્વદા સત્યનું સદાચારનું આચરણ, શૌચ બાહ્ય અને આન્તરિક શુદ્ધિ પવિત્રતા, સ્મૃતિએ આપેલાં અને કહેલાં વચનોનું સ્મરણ, બળ, જગતની ઉત્પતિ સ્થિતિ કરવા રૂપ સામર્થ્ય, કીર્તિ સદા એક સરખા પણે રહેવા પણાની પ્રસિદ્ધિ, પ્રગલ્ભતા કોઈ પણ વિષય વસ્તુનું યથાર્થ વાસ્તવિક જ્ઞાન હોવા છતાં તેનું માન નહી, આના જેવા અનેક જેનો કોઈ પાર નથી એવા કલ્યાણ કરી ગુણો જેમના સ્વરૂપમાં અંખડ નિવાસ કરીને રહેલાં છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૭)

परनिजमहसा जनान्समाधौ प्रकृतिपराक्षरनैज धामनिष्ठाम् ॥

जगति निज तनुं च दर्शयन्तं हृदि हरिकृष्णमहं सदा स्मरामि ॥८॥

ભગવાન શ્રીહરિ પોતાના આશ્રયે આવેલ ભક્તોને સમાધિમાં પોતાના પરાત્પર દિવ્ય અવિનાશી અક્ષરધામના દર્શન કરાવીને તે અલૌકિક પોતાના ઐશ્વર્યથી તે ધામમાં પોતાના ભક્તોને પ્રત્યક્ષ પ્રમાણ તેડી જાય છે. તે કૃપા કરીને પોતાનું પરાત્પર વિશ્વસ્વરૂપ જગતના લોકોને પ્રત્યક્ષ દેખાડે છે. એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિકૃષ્ણના સ્વરૂપને હું મારા હૃદયમાં સદા સ્મરણ કરૂ છું ધારણ કરીને રાખું છું. (૮)

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**શ્રીહરિ સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકાના ૧૯૧ માં પાટોત્સવ પ્રસંગે, તા. ૫-૫-૨૦૧૮ :** જે દેવને અર્થે, ભગવાનને અર્થે કાર્ય થવું જોઈએ તે કાર્ય આપણે કરી રહ્યા છીએ અને તેનાથી જ ભગવાન રાજી થાય છે. કાર્ય મંદિરનું છે. આપણે સુખી હોઈએ તેનું પાયાનું જો કોઈ કારણ હોય તો એ આ ભગવાન છે. મેં અગાઉ ગયા વખતે વાત કરી હતી. એ સમયે તમારા પૈકી ઘણા હજાર હોવ કે ન હોવ, વાત રિપીટ કરું છું. એક પ્રસાદીનો પત્ર છે જે આપણા અંકમાં પણ છપાયેલો છે. મારી પાસે પણ હું રાખું છું. હાલમાં નથી. એ પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ગોપાળાનંદ સ્વામીને અમદાવાદ આવવાનું થયું હતું. પરંતુ કંઈ કામ આવ્યું અને રોકાઈ ગયા. પરંતુ પત્રમાં સમજવા લાયક ઉલ્લેખ એ છે કે **ધોળકે જે મૂર્તિ છે એ તો મહારાજની પ્રસાદીની મૂર્તિ છે. પ્રસાદીની મૂર્તિ મળે છે ક્યાંય ? સોનું, પ્લેટીનમ કે હિરાજડિત મૂર્તિ મળે પરંતુ ભગવાનની પ્રસાદીની મૂર્તિ ન મળે. જે મૂર્તિને મહારાજે થાળ ધરાવ્યો હોય, આરતી કરી હોય, સ્પર્શ કર્યો હોય, ભગવાન જેવા ભગવાને જે મૂર્તિની પૂજા કરી હોય એનો મહિમા નાનો સૂનો છે ?** દર્શન કરવાની આપણને ટેવ તો પડી છે. પૂનમ હોય એટલે દર્શન કરવા ગયા, દેવ આગળ હાજરી પૂરાવી અને નીકળી ગયા. પરંતુ મહિમા વિચારીને જો આ મૂર્તિ સામે જશો તો આનંદની અનુભૂતિ કંઈક જુદી જ હશે ! **મહારાજે પ્રસ્થાપિત કરેલા કે મહારાજે પ્રતિષ્ઠા કરેલા આ દેવો છે અને આ મંદિરો છે એમાં રહેલા જે આ દેવ છે તે ધાતુ, પાષાણ કે ચિત્રામણના નથી, તે મૂર્તિઓમાં અમે પ્રત્યક્ષ રહ્યા છીએ. ૨૧૩ મો શ્લોક છે આ ? મહારાજના વચનો છે, ભગવાનના વચનો છે આ ! કલ્પના તો કરો કે જે મૂર્તિની ભગવાને પૂજા કરી છે એ મૂર્તિનું દર્શન કરવાનો લાભ આપણને મળે છે ! નાની સૂની વાત છે આ !** મોલ, થિયેટર કે દુકાનોના પગથિયાં ચડી શકાય, ન ચડવાના પગથિયા ચડી શકાય, મંદિરના પગથિયા ચડવા બહુ અઘરા છે. આ હકીકત છે. છે કે નહિ ? કારણ કે મંદિરના એક એક પગથિયે સ્વભાવ મૂકવો પડે છે. ક્યાંક જતાં હોઈએ અને રસ્તામાં આવું મંદિર આવે તો દર્શન પ્રથમ કરી લેવું પછી વળતા દર્શનનો યોગ આવે કે ન આવે ?

પાટોત્સવની પત્રિકામાં મારું ધ્યાન ગયું. ધોળકા મંદિર પછી કૌંસમાં મુખ્ય લખેલું. મને ટેન્શન થઈ ગયું. તમારી ભૂલ નથી કાઢતો બહુ સારું જ છે પરંતુ આ મુખ્ય ન જોઈએ. મુખ્ય વળી શું ? સ્વામિનારાયણ મંદિર ધોળકા, બીજું શું છે ? આ જ મુખ્ય છે. એને કૌંસ ન કરો. **જે છીએ તે આપણે જ છીએ. શોધી લાવો બીજી પ્રસાદીની મૂર્તિ, આખા ધોળકામાં છે ક્યાંય ? ગોપાળાનંદ સ્વામી અને શુકમુનિની સહી સાથેનો કાગળ આપણી પાસે છે. એટલે આ મૂળ છે, મુખ્ય નથી. આપણે ભાગ્યશાળી છીએ કે આપણી પાસે મૂળ મંદિરો છે અને એ મંદિરોમાં મહારાજની પ્રસાદીની મૂર્તિઓનું આપણને દર્શન થાય છે. આપણી પાસે જે છે તે બીજાની પાસે નથી તેનું ગર્વ કરતા શીખો.** થોડોક ઘસારો રાખો. કારણ કે તમે મને કહો કે ત્રીજી ચોથી કે પાંચમી પેઢી મંદિરે આવશે ? આપણે ભાવિ પેઢી માટે ભગવાનનું વાતાવરણ આપવું પડશે.

ભોજન પ્રસાદ લેવા જે પહોંચી ગયા છો તે ધીરે ધીરે

ખાજો. ભૂખ લાગી હોય પરંતુ ઉતાવળે વધારે ખવાય જાય તો આફરો ચડે. લાડવા તો માપે ખાવા સારા. પેટ ચેક કરીને પછી જ રસોડે જવું. પાણીની સમસ્યા છે ખાવાનો બગાડ થાય છે એ મેં જોયેલું છે. લોકોને બે ટંક ખાવાનું મળતું નથી. અને આપણને ચાર ટંક મળે છે એ ભગવાનની કૃપા છે પરંતુ બગાડ ન કરવો જોઈએ. પાણીનો બગાડ ન થાય, અન્નનો બગાડ ન થાય **અને બુધ્ધિનો પણ બગાડ ન થાય !** શાસ્ત્રો શેના માટે છે ? લખ્યું છે ને કે વ્યર્થ કાળ નિર્ગમવો નહી. અર્થાત્ સમયનો બગાડ કરવો નહી. કેટલું માનીએ છીએ આપણે ? વિચારો તો ખ્યાલ આવશે. સરવૈયું કાઢો કે આખા દિવસમાં મેં શું શું કર્યું ? જે આપણને લાગતું વળગતું નથી. એવા ન્યુઝ (સમાચાર) જોવામાં સાંભળવામાં કે વાંચવામાં આપણે દિવસમાં કેટલો સમય વેડફી નાંખીએ છીએ. છાપામાં શું આવે છે ? જેની સાથે આપણે નાવા-નીચોવવાનો સંબંધ નથી એવા સમાચાર..... છ મહિના પહેલાનું છાપું હોય કે આજનું હોય, સમાચારનો સાર તો એનો એ જ હોય છે. અહીં બોંબ ફૂટ્યો, આનું મર્ડર થયું, વાંચવાની ના નથી, રોજ વાંચવું, જૂનું કે નવું ગમે તે વાંચી લેવું. કારણ કે ૧૦ વર્ષ પહેલાનું વાંચો કે આજનું વાંચો, સમાચાર તો એના એજ જ હોય છે ! મર્ડર, રેપ, આ દેશે આ દેશ પર ચડાઈ કરી, દુનિયા ફાટી જશે, આભ ફાટી જશે, આવું જ આવે છે ને ? હું ટાઈમ બગાડતો નથી. પરંતુ ભૂલથી ક્યારેક હાથમાં આવી ગયું હોય એટલે જોઈ લીધું હોય અને સત્તયુગમાં પણ એ જ હતું. ત્યારે પણ હવનમાં હાડકાં નખાતા હતા, ત્યારે કદાચ શીંગડા-પૂંછડા વાળા હશે તો આજે શીંગડા-પૂછડા વિનાના હોય એટલો જ ફર્ક છે ને ! છાપું તમે વાંચો તેનો હું હિમાયતી છું. કારણ કે તેમાંથી જો સરખી રીતે વાંચીને શીખતા આવડે તો શાસ્ત્ર વાંચવાની પણ જરૂર નહીં પડે. ધડાકા-ભડાકાના કચરારૂપી સમાચાર વાંચીને પાનું ફેરવો એટલે પછી બેસણાના સમાચાર આવે ! બોલો બાકી રહ્યું કંઈ ? આ જ આપણી જીંદગી છે ને ? **જ્યારે જીવતા હોઈએ ત્યારે જે લોકો આપણને સન્માનપૂર્વક બેસાડીને ખોટા વખાણ કરતા હોય એ જ લોકો આપણે મર્યા પછી આપણા અસ્થિનો એક ટૂકડો પણ ઘરમાં લાવવા તૈયાર નથી.** બધાની આ પરિસ્થિતિ છે ને ? નથી જોઈ શકતા આપણે ? માટે અત્યારનો ઉપયોગ કરો. જો કે તમે બધા સમયનો ઉપયોગ કરી રહ્યા છો. કારણ કે આપણા ઋષિમુનિઓ પંચાગ્નિ તાપતા, તેના કરતા પણ તમે આ મે મહિનાના તાપમાં પલાંઠી વાળીને સાંભળો છો એ અઘરું છે.

છાપાની વાત હતી, એક વાત મને ગમે છે. તમે સાંભળી હશે તો પણ ફરી કહી દઉં. એક ગામમાં એક પૈસાદાર આગેવાન સજ્જન હતા. તેના મકાનની બહાર દિવાલને અડીને એક ઓટો હતો. પહેલા આવા ઓટા રાખતા. ઉપર છાંયડો હોય, ગામના નવરાશ વાળા લોકો આવીને બેસે, વાતો કરે. હાલમાં હવે આવા ઓટા ઓછા થઈ ગયા છે. ઓટે એક ગાંડો માણસ આવીને બેસે. ગામમાં એક - બે આવા સંજોગોવશાત્ ગાંડા થઈ ગયા હોય, જે તે રીતે. આ પણ કહેવાનો જ ગાંડો હતો. અને આમ જોવા જઈએ તો આ જગતમાં સંપૂર્ણ સાજો અથવા ડાહ્યો કોણ છે ? તમારી ને મારી બધાની વાત કરું છું. બીજાનું કહીએ એના કરતા પોતાની જાતનું જ કહીએ ને ! **મહારાજે કહ્યું કે પોતાના આત્માના કલ્યાણનો જેને નિર્ણય હોય, પોતે શું કરવા આવ્યા છે ? શું કરી રહ્યા છો ? તેવો જેને વિચાર હોય તે ડાહ્યો. બાકી જગતમાં કે વ્યવહારમાં ગમે તેટલો ડાહ્યો ગણાતો હોય પરંતુ મહારાજે કહ્યું તેવું ન હોય તો બધા છટક છીએ.** એટલે આ કહેવાતો ગાંડો માણસ રોજ શેઠના ઓટલે આવીને બેસે. શેઠનું સાડા દસ - અગિયારે પસ્તી થઈ ગયેલું છાપું વાંચે પછી શાંતિથી જતો રહે. શેઠ પાસે પાણી, પૈસા કે ખાવાનું કંઈ માંગતો નહોતો. તેમ છતાં શેઠનો દીકરો કંટાળ્યો એટલે એણે વર્ષ-બે વર્ષ પહેલાની પસ્તી કાઢીને તે છાપું આપવાનું શરૂ કર્યું. તો પણ પેલો વાંચીને કંઈ પણ બોલ્યા વિના જતો રહે. શેઠ સજ્જન હતા. દયા આવી એટલે ગાંડાને જઈને કહે, ભાઈ ! માફ કરજે, મારો દીકરો તારી મશ્કરી કરીને તને જૂનું છાપું વાંચવા આપતો હતો. મેં તેને કહી દીધું છે એટલે હવે રોજે રોજનું છાપું તને આપશે. હવે ગાંડાએ શેઠને જે ડહાપણની વાત કરી તે બહુ સમજવા જેવી છે તે બોલ્યો, શેઠ ! સાંભળો ! લોકો મને ગાંડો કહે છે, કંઈ વાંધો નહી,

શું ફેર પડે છે ? **છાપું આજનું હોય કે છ મહિના પહેલાનું હોય, વસ્તુ તો એની એજ છે. તારીખ બદલી જાય, છાપું બદલી જાય પરંતુ અંદર સમાચાર નથી બદલાતા !** અને હકીકતમાં તમે જુઓ. વર્ષ બદલે એટલે અરસ પરસ સૌ હેપી ન્યુ ઈયર (નૂતન વર્ષાભિનંદન) કહીને અભિવાદન કરતા હોય છે. વર્ષ બદલી ગયું પરંતુ સમય તો એનો એ જ છે. રાત વીતી જાય એટલે સવાર પડે. તારીખ બદલાય જાય પરંતુ સવાર તો એની એ જ છે ! માટે કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે આપણું નામું રાખવું. ગયા પાટોત્સવમાં કેવા દર્શન કર્યા હતા. આ પાટોત્સવમાં કેવા દર્શન કરીએ છીએ ? એમ આપણે આપણા જજ બનીએ. અન્ય કોઈના જજ બનવાનો અધિકાર આપણને નથી. અને કોઈનું જજમેન્ટ આપણે કાઢી પણ શકીએ નહી. **આપણને મળ્યો દિવસ, કલાક કે મિનિટનો આપણે સદુપયોગ કરીએ એવું મારું વ્યક્તિગત માનવું છે.**

**મારી પાસે વડતાલનું પુસ્તક છે. આ પુસ્તકમાં મહારાજે જે ધોળકામાં પ્રતિષ્ઠા કરી તેનો ઉલ્લેખ સ્વયં વિહારીલાલજી મહારાજશ્રીએ કર્યો છે.** ભૂજમાં અમારા ઉતારે આ વાત નીકળી ત્યારે મેં સભામાં આ વર્ણન વંચાવ્યું હતું. કોણે ક્યારે બાદબાકી કરી તેની ચર્ચામાં મારે પડવું નથી. **પરંતુ નવ મંદિર પૈકી આ મંદિરની બાદબાદી કરવા હું માંગતો નથી. આ દેવ મારા માટે સર્વોચ્ચ છે.** એટલે એ દેવનું દર્શન તથા સ્પર્શ થાય તેમજ ઉત્સવમાં સંતો-ભક્તોના દર્શન થાય એ હેતુથી હું આવ્યો છું.

ઉતારો બને એ તો સારું છે પરંતુ ઉતારા બન્યા પછી તેનું મેઈન્ટેનન્સ એ વધારે મહત્વનું છે. હમણા જ મેં વાત કરી હતી કે આઠ બેડ રૂમનું મકાન બને, ખૂબ જગ્યા અને અવકાશવાળું હોય પરંતુ ક્યાંય ડસ્ટબીન મુકવામાં ન આવે તો શું થાય ? જ્યાં ત્યાં કચરો ફેંકવામાં આવે તો વાંક કોનો ? ક્યાં થૂંકવું અને ક્યાં ન થુંકવું એ મહારાજે આપણને નથી શીખવાડ્યું ? સ્વચ્છતા અને મેઈન્ટેનન્સ એ ધર્મ જ છે. હું બાથરૂમમાંથી બહાર આવું છું ત્યારે બાથરૂમ જાતે જ સાફ કરીને આવતો હોઉ છું એમાં નાનપ નથી. તમે સફાઈ કરજો. બીજાના આધારે કે મંદિર પર ન છોડશો. પાછું બાથરૂમમાં આપણે જ જવાનું હોય છે. આ વાત શાસ્ત્ર બહારની નથી. ઉતારાનું કામ આ મહિનામાં જ ચાલુ કરી દો. ભગવાન ઉપર વિશ્વાસ હોય એટલે બધા મુહૂર્ત જ છે ! અમે તો કમૂરતામાં ભગવાનનું નામ લઈને પ્રતિષ્ઠા કરી છે. અને છતાં તે મંદિરો ખૂબ સારી રીતે ચાલે છે અને લોકો મુહૂર્ત કઢાવી કઢાવીને મરી ગયા તેમ છતાં તે મંદિરો આજે બંધ થઈ ગયા છે. મુહૂર્ત બધા આપણા માટે છે. ભગવાન માટે નથી. આડોશી-પાડોશી તથા સગા-સંબંધીને સાચવી લેવા. એ લોકો નજીક હોય એટલે કદાચ નડી શકે. **બાકી શનિ, રવિ કે સોમ એ તો બહુ દૂર છે. અને આપણને નડવા નવરા નથી. મહારાજ પર દ્રઢ વિશ્વાસ હશે તો કોઈ નડવાનું નથી. હું તો કાયમ કહેતો હોઉં છું કે ભગવાન મૂક્યા તો બધું નડશે. પોતાની જાતથી માંડી આખી દુનિયા નડશે.** મંદિરે આવતા રહેજો અને આ દેવની સેવા મહારાજે પોતે કરી છે એ વિચાર કરીને દર્શન કરજો. આટલું કહીને સૌને ખૂબ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## સમસ્ત સત્સંગને સૂચન

શ્રી નરનારાયણદેવ દેશના તમામ શ્રી સ્વામિનારાયણ મંદિરોના કોઠારીશ્રી, કાર્યવાહક કમિટીના સર્વે સભ્યો, પ્રતિનિધિઓ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આદિ સૌને ખાસ સૂચન - અનુરોધ છે કે (આપણા ભાઈઓ અને બહેનોના મંદિરમાં) આપણા અમદાવાદ, મૂળી અને ભુજ-કચ્છ દેશના સંતો સિવાય અન્ય કોઈ (દેવની સંસ્થા સાથે સંલગ્ન ન હોય તેવી) પ્રાઈવેટ સંસ્થા ધરાવતા સંત હરિભક્ત કે આગેવાન વ્યક્તિને આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની લેખિત આજ્ઞા પત્ર વગર કોઈ પ્રવૃત્તિ આપણા મંદિરમાં કરવા દેવી નહીં. (જેમાં કથા વાર્તા સભા આદિ) ગામના કોઈ હરિભક્તોના સંતાન જે તે સંસ્થામાં ભણતા હોય તેમને પણ ખાસ સૂચન છે કે ખોટી લાગણીથી દોરાઈને આપણા મંદિરોમાં સભા-આદિ કરવાની સખ્ત મનાઈ કરવી. ઉપરોક્ત સૂચનનો દરેક ગામના હરિભક્તોએ ખાસ અમલ કરવો. (આજ્ઞાથી)

# સમર્પણ પત્ર

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

**અક્ષર સહ પત્ર:**

નરનારણાના દેસની ગાદીના આચારજશ્રી પાંડે અજોધાપ્રસાદજી મહારાજ હરીક્રસનજી મહારાજ સર્વ .............. મુકામ મુલી વાસી શ્રી રાધાક્રસનજીના મંદરના.... લી. સાધુ ભ્રમાનંદજી તા. મહાનુભાવાનંદજી, પરણાનંદજી તા. ભુમાનંદ તા. સરવગનાનંદ તા. ક્રસનાનંદ તા. બીજા પુરણાનંદ તા. દેવાનંદ .............. તા. ગુરુચરણરતાનંદ આદિ મહાતાંત તા. અમારી મંડલીઓના સાધુ .................. સહજાનંદજી મહારાજના તા. ભ્રમચારી વાસુદેવાનંદ તા. રાઘવાનંદ તા. ઘનસામાનંદ તા. વામનાનંદ આદિક ભ્રમચારી મંડલ સમસ્ત શ્રી સહજાનંદજી મહારાજના જત આ લેખ અમો અમારી રાજી ખુશીથી તા. અકલહુંસીઆરીથી શ્રી મુલી મધે શ્રી રાધાક્રસ્નજી મહારાજની પ્રતીસ્ટાના સમૈયા મધે કરી આપીએ છીએ. અમો સરવે મહાનંદ મંડલ સરવે તા. અમો... અમારી મંડલીઓના સાધુ સરવે પાસે....... સહજાનંદજી મહારાજના ચરણારવંદ વસત્ર ઊપર તા. કાગલ ઉપર........... મહારાજે પાડી આપેલાં.......ની ચાખડીઓ તા. મારાજના અંગના પ્રસાદી વસત્ર તા. પુસતગ વગેરે સરવે જે ............. છે તે સરવે તમારુ છે અમારો કાંઈ દાવો નથી ને મારી આગનાએ કરીને ઉપર લખેલી વસ્તુઓ............. પુજા પુસતગ વીગેરે..... માંહેલો કોઈ સાધુ અથવા ભ્રમચારી શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરી તમારી આગના ભંગ કરી..... તો તેની પાસે ઊપર લખેલો પૂજાદી પુસતગ સામાન..... ઊપર કસો દરદાવો નહી અથવા કોઈ અમો માંહેલો પુરવા આસરમ..... લખેલો સોમાન તેની પાસે હોય તે તમને આપી.... અને તે પર જાનારનો કાંઈ....... સાધુ અથવા

બ્રહ્મચારી ધરમે સહિત દેહ મુકે ને તેની પૂજા સામાન હોય તે ઉપર દેહ મુકનારના પૂરવાસરમના સંબંધીનો દાવો નહિ તે તમે લોપો ને પૂરવાસરમમાં જાનારો પહેરવાનું.... તા. પછેડી ૧ એ બે વાનાં લઈને જાઅ અમો મધેના ભ્રમચારીને...... ઊપર ......... પ્રમાણે વરતીને રહેવું ને ઊપર પરમાણે ચાલવું ..... ધરમે સહીત લક્ષમીનારાણના દેશમાં જાવાનું કહે તો પોત......

**અર્વાચીન ગુજરાતી ભાષામાં ઊપરોક્ત પત્ર**

નરનારાયણ દેવ દેશની ગાદીના આચાર્યશ્રી પાંડે અયોધ્યાપ્રસાદજી હરિકૃષ્ણ મહારાજ સર્વ ...... મુકામ મૂળીવાસી શ્રી રાધાકૃષ્ણજીના મંદિર ...... લી. સાધુ બ્રહ્માનંદજી તથા મહાનુભાવાનંદજી ...... પૂર્ણાનંદજી તથા ભૂમાનંદ તથા સર્વજ્ઞાનંદ તથા કૃષ્ણાનંદ તથા બીજા પૂર્ણાનંદ તથા દેવાનંદ ...... તથા ગુરુચરણરતાનંદ ...... આદિ મહંત તથા અમારી મંડળીઓના સાધુ ...... સહજાનંદજી મહારાજના તથા બ્રહ્મચારી વાસુદેવાનંદ તથા રાઘવાનંદ તથા ઘનશ્યામાનંદ તથા વામનાનંદ આદિક બ્રહ્મચારી મંડળ સમસ્ત શ્રી સહજાનંદજી મહારાજના જત આ લેખ અમો અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોંશિયારીથી શ્રીમુળી મધ્યે શ્રી રાધાકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠાના સમૈયા મધ્યે કરી આપીએ છીએ ...... અમો સર્વે મહંત મંડળ સર્વે તથા અમો ...... અમારી મંડળીઓના સાધુ સર્વે પાસે ...... સહજાનંદજી મહારાજના ચરણારવિંદ

વસ્ત્ર ઉપર તથા કાગળ ઉપર ...... મહારાજે પાડી આપેલાં ...... ની ચાખડીઓ તથા મહારાજના અંગના પ્રસાદી વસ્ત્ર તથા પુસ્તકો વગેરે સર્વે જે ...... છે તે સર્વે તમારુ છે અમારો કાંઈ દાવો નથી ને મારી આજ્ઞાએ કરીને ઉપર લખેલી વસ્તુઓ ...... પૂજા પુસ્તક વિગેરે ...... માંહેલો કોઈ સાધુ અથવા બ્રહ્મચારી શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરી તમારી આજ્ઞા ભંગ કરી ...... તો તેની પાસે ઊપર લખેલો પૂજાદિ પુસ્તક સામાન ...... ઉપર કશો દાવો દરદાવો નહિ અથવા કોઈ અમો માંહેલો પૂર્વાશ્રમમાં ...... લખલો સામાન તેની પાસે હોય તે તમને આપી ...... ને તે ઉપર જાનારનો કાંઈ ...... સાધુ અથવા બ્રહ્મચારી ધર્મેસહિત દેહ મુકે તેની પૂજા સામાન હોય તે ઉપર દેહ મુકનારના પૂર્વાશ્રમના સંબંધીનો દાવો નહિ. તે તમે લો. ને પૂર્વાશ્રમમાં જાનારો પહેરવાનું ...... તથા પછેડી ૧, એ બે વાનાં લઈને જાય.

અમો મધ્યેના બ્રહ્મચારીને ...... ઉપર ...... પ્રમાણે વર્તીને રહેવું ને ઊપર પ્રમાણે ચાલવું ...... ધરમે સહિત લક્ષ્મીનારાયણના દેશમાં જાવાનું કહે તો પોત ......

**વિવરણ :-**

સંપ્રદાયના ધર્મવંશી આચાર્યશ્રી પરત્વે સંપૂર્ણપણે સમર્પિત ભાવ દર્શાવતો આ પત્ર મૂળીધામના સંતો-બ્રહ્મચારીઓ દ્વારા લખાયેલો છે. ખૂબજ જૂનો હોવાથી તેના ઘણા શબ્દો ઉકેલી શકાયા નથી અથવા ફાટી ગયા છે. તેથી તે જગ્યાઓ જેમની તેમ જ ખાલી રાખેલી છે.

મૂળીધામના આદિ મહંત અને સંપ્રદાયના વિદ્વાન સંત શિરોમણી સ.ગુ. બ્રહ્માનંદજી તથા અન્ય નંદ સંતો અને નૈષ્ઠિક બ્રહ્મચારી સહિતના મહાનુભાવ સંતોએ પોતાના સંકલ્પોને ઉર્મિઓને કાગળ ઉપર ઉતારીને તત્કાલિન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને સંબોધીને આ પત્ર લખેલો છે. મૂળી મંદિરમાં રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા ઉત્સવમાં જ આ પત્ર સદ્‌ગુરુ સંતોએ આચાર્યશ્રીને અર્પણ કરેલો જણાય છે.

કોઈપણ મુમુક્ષુજન જ્યારે સંત દીક્ષા કે બ્રહ્મચારીની દીક્ષા લે છે ત્યારે તે દીક્ષા તેને સંપ્રદાયના ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી જ આપી શકે છે અને તેથી તો તેઓશ્રીને ત્યાગી-ગૃહી સર્વેના ગુરુપણાને વિશે સ્થાપન સ્વંય શ્રીજી મહારાજે જ કરેલા છે. સંત દીક્ષાને પામેલ વ્યક્તિ ધન અને સ્ત્રીનો અષ્ટપ્રકારે ત્યાગ રાખે છે. અને ભગવદ્ ભક્તિ સાથે સમાજોધ્ધારક પ્રવૃત્તિઓમાં પોતાને જોડે છે.

આ સંતોની માલમિલ્કત એટલે જ ભગવાનની મૂર્તિ માત્ર. સંસાર વ્યવહારના ધન-વાડી-જમીન વગેરે તેમને માટે ધૂળ સમાન છે. સર્વે સંત મંડળની એક જ વૃત્તિ હોય છે કે શ્રીજી મહારાજની આજ્ઞા બહાર વર્તાઈ ન જવાય. વચને કરીને જે સંતો ગૃહસ્થોને ધન-દીકરો-દીકરી દઈ શકતા હોય તેવા સમર્થ હોવા છતાં પણ તેમની પાસે તેમની અંગત મિલ્કત તો શ્રીજી મહારાજના ચરણારવિંદ અને પૂજાદિ સામગ્રી જ રાખતા, તે સિવાય કાંઈ જ નહિ. બ્રહ્માનંદાદિ સંતો તો વચને કરીને બ્રહ્માંડ ડોલાવી શકે તેવા સમર્થ હતા, અરે ! ભગવાનના દેહ મૂક્યા પછી પણ તેમને પાછા બોલાવવાને સમર્થ હતા તેમ છતાં પણ તેમની નિર્માનીતા જુઓ કે, તેમની સર્વે મૂડી પૂજા-પુસ્તકો-ચરણારવિંદ ઈત્યાદિક સમગ્ર, દેહ મૂક્યા પછી ધર્મવંશી આચાર્યશ્રીને ચરણે જ ધરી દીધું છે. પોતાના સેવકો-શિષ્યોને આપવાનો લોભ પણ રાખ્યો નથી. આ જ બાબત સ્વામિનારાયણના સંતોને અન્યો કરતાં મુઠી ઊંચેરા સાબિત કરે છે. આજ નીતિ માર્ગ ઉપર ચાલીને આજે પણ ઘણા બધા સંતવર્યોએ પોતાની પાસેની પ્રસાદીની વસ્તુઓ સામે ચાલીને

વગર માંગે પ.પૂ.ધ.ધુ. નિવૃત્ત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને સમર્પિત કરી ને મહારાજશ્રીએ તે સર્વે, હરિભક્તોના દર્શનાર્થે સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવી છે. સાચા સંતોનો ધર્મવંશી આચાર્યશ્રી તરફનો આ સમર્પિત શિષ્ય ભાવ જ આ સંપ્રદાયને ઝળહળતો બનાવે છે.

પત્રમાં સ્પષ્ટતા કરતાં બ્રહ્માનંદાદિ સંતો જણાવે છે કે કદાચિત સંજોગોવશાત્ કોઈ સંન્યાસાશ્રમમાંથી ગૃહસ્થાશ્રમમાં પરત ફરે ત્યારે પણ તે પોતાની સાથે પહેરવાના બે વસ્ત્ર સિવાય કશું લઈ જાય નહિ એટલું જ નહિ, વળી તેઓશ્રી જણાવે છે કે જો સંત/બ્રહ્મચારી દેહ મૂકે ત્યારે પણ તેની પૂજાદિ સામગ્રી, પુસ્તકો પ્રસાદીની વસ્તુઓ ઈત્યાદિક આચાર્યશ્રીને જ અર્પણ છે. તેના પૂર્વાશ્રમના સગાસંબંધીઓને પણ તે મિલ્કતમાં કશો અધિકાર નથી.

આજની ભાષામાં જેને આપણે વિલ અથવા વસિયતનામું કહીએ છે તે પ્રમાણે મિલ્કતનો વહીવટ દેહ મૂક્યા પછી કેમ કરવો તેની સૂચનાઓ આ નંદ સંતોની મહાનતા જુઓ કે તેઓ છતે દેહે તો વહીવટમાં પડ્યા જ નહિ ને દેહ મૂક્યા પછી પણ.... તેમનું એક જ લીટીનું વસિયતનામું કે, બધું આચાર્યશ્રીને અર્પણ કરી દેવું. આ સમજણને તો લાખો દંડવત્ કરીએ તો પણ ઓછા છે. આપણી પાસે જે કાંઈ છે તે દેવે આપેલું છે. દેવાર્થે તેનો ઉપયોગ કરીને દેહ મૂક્યા પછી દેવ સમાન આચાર્યશ્રીને આપી દેવું એ જ સાચી સમજણ છે. ગૃહસ્થ હરિભક્તોએ પણ આ સમજવું અને નિર્લેપ રહીને વ્યવહાર ચલાવવો પણ તેમાં બંધાવું નહિ.

આ પત્રના લખાણનો સમય મૂળી મંદિરમાં રાધાકૃષ્ણ દેવની પ્રતિષ્ઠાના સમૈયાનો છે. અર્થાત્ જ્યારે દેવ સાક્ષાત્પણે આપણે ત્યાં બિરાજમાન થાય ત્યારે આપણે આપણું સર્વસ્વ દેવના ચરણે ધરી દેવું અને વ્યવહારની પ્રધાનતા છોડીને આજ્ઞાનું અનુસંધાન રાખવું. મોટેરા સંતોને તેમના શિષ્યો ઉપર પણ એટલો જ વિશ્વાસ અને લાગણી હતા કે તે સર્વે શિષ્ય મંડળ પણ ક્યારેય આ પત્રમાં લખેલ વચનોનું ઉલ્લંઘન નહિ જ કરે. આ દેહ આપણે મિલ્કતો

ભેગી કરવા માટે ધારણ કર્યો નથી. પરંતુ આપણા જીવના કલ્યાણને અર્થે આપણે શ્રીજી મહારાજની આજ્ઞામાં રહીને વર્તવાનું છે. આ એ સંતોની સમજણ છે કે જેણે શ્રીજી મહારાજને સાક્ષાત્ પણે વર્ષો સુધી પ્રત્યક્ષપણે સેવ્યા હતા અને ત્યારબાદ તેઓ ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞામાં જ વર્ત્યા.

આજના યુગમાં આ અતિશય ઊંડી-સૂક્ષ્મ સમજણ વાળો આ પત્ર, માત્ર કાગળ નથી પણ વચનપત્ર છે. કાષાયધારીઓએ આચાર્યશ્રીને આપેલું બાંહેધરી પત્ર છે. તેઓએ સમાજને આપેલી ઉત્કૃષ્ટ સમજણ અને જ્ઞાનનો-સમર્પિત ભાવનો તેજ લિસોટો છે. મુમુક્ષુ હરિભક્તોને આજ્ઞામાં વર્તવાનું બળ મળે તેવી ઉમદા ભાવનાથી સર્વે જનોના હિતાર્થે અહીં આ પત્ર પ્રકાશિત કર્યો છે. તેની અસલ પ્રત શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૧૧ માં રાખવામાં આવી છે. સૌ ભક્તજનો ભાવપૂર્વક તેના દર્શન કરીને અંતરમાં ઉતારજ્યો.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

મોબાઈલથી
પાડેલા ફોટા
છપાશે નહિ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



# શ્રી નરનારાયણદેવ યજ્ઞશાળા


- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અમદાવાદ)

આપણા હિન્દુ ધર્મમાં યજ્ઞનું બહુજ મોટુ મહત્વ છે. અને તેનાથી માનવ જીવનને મળતા અનેક પ્રકારના દિવ્ય અને ભૌતિક લાભની ખાસ પ્રકારની વિશેષતા છે. જેનું વર્ણન સત્શાસ્ત્રોમાં વિસ્તાર પૂર્વક કરવામાં આવેલ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાજીમાં સ્વયં ભગવાનશ્રીકૃષ્ણ કહે છે — यज्ञानां जपयज्ञो अहमस्मि । અનેક પ્રકારના જે યજ્ઞો છે તેમાં જપ યજ્ઞ સ્વયં હું છું. તેથી જ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના જીવન કાળ દરમ્યાન સતત યજ્ઞો કર્યા છે. જેતલપુર અને ડભાણના મોટા યજ્ઞો કર્યા પછી પણ જ્યાં જ્યાં વિચરણ કરતાં ત્યાં કોઈને કોઈ પ્રકારના યજ્ઞનો પ્રારંભ કરાવતા હતાં. તે પછી મહા મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠાનો જ યજ્ઞ કેમ ન હોય, એટલે જ પાંચસો પરમહંસોમાં સ.ગુ. અખંડાનન્દ વર્ણીએ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનું આવી રીતે વર્ણન કરેલ છે - यज्ञेड्य यज्ञहृदयामर यज्ञतंतो यज्ञेश यज्ञफलदोत्तम यज्ञकर्ता । यज्ञेज्य यज्ञविधिशंसन यज्ञमूर्तिं कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥९॥

અર્થાત જેમની ઉપાસના યજ્ઞથી થાય છે. જેમના હૃદયકમળમાં અમર પણે સદા યજ્ઞ વસેલ છે. જેઓ યજ્ઞોથી વિંટળાયેલા છે. અને યજ્ઞોના ઈશ અર્થાત નિયતાં સ્વામી છે. યજ્ઞનું ઉત્તમ ફળ જે આત્યન્તિક મોક્ષ તે આપનારા છે. સ્વયં યજ્ઞો કરવા વાળા છે. યજ્ઞ એજ જેમની પૂજા છે. વૈદિક યજ્ઞના વિધિ વિધાનની જેઓ હમેશાં પ્રશંસા વખાણ કરે છે. સ્વયં પોતે જ યજ્ઞ મૂર્તિ છે. તેવા મારા ઈષ્ટદેવ સર્વાવતારી જેમને માર્કણ્ડેય મુનિએ કૃષ્ણ એવું નામ ધારણ કરાવેલ છે તે ભગવાન શ્રીસ્વામિનારાયણને હું સતત પ્રણામ નમન કરૂં છું.

શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ પ.પૂ. મોટા મહારાજશ્રીનો દિવ્ય શુભ સંકલ્પ સાકાર થયેલ છે.અને જ્યાં શ્રીહરિની દિવ્યાદ્ભુત સ્મૃતિ કરાવનારી તેમના અંગ ભૂત પ્રસાદીની અસંખ્ય વસ્તુઓનો સંગ્રહ છે. તે અતિ પવિત્ર મહાન પ્રસાદીની ભૂમિ ઉપર પણ શ્રીહરિએ પ્રવર્તાવેલ તેમના જ સ્વરૂપ એવા યજ્ઞની પ્રવૃત્તિ સદા ચાલું રહે તેવા પૂ. મોટા મહારાજશ્રીના શુભ સંકલ્પથી યજ્ઞમંડપનું નિર્માણ કરવાનો શુભારંભ કર્યો તે સાકાર રૂપે જે અત્યારે દર્શન થાય છે. તેના અંગે થોડો વિચાર કરીએ.

આ અતિ પવિત્ર અને શ્રીજી મહારાજના અંગસ્પર્શથી પવિત્ર થયેલ વસ્તુઓનું જ્યાં આવા દુર્લભ દર્શન થતાં હોય ત્યાં એવુંજ અતિ પવિત્ર અને વૈદિક શાસ્ત્રાનુંસાર અને શિલ્પ શાસ્ત્ર વાસ્તુ શાસ્ત્રની નિર્માણ કલાને અનુસાર યજ્ઞમંડપનું નિર્માણ કરવા માટે તેવી જ પવિત્ર અને શ્રીહરિના અંગ સ્પર્શથી પવિત્ર બનેલ સામગ્રી એકઠી કરીને સુન્દર કલાત્મક મંડપનું નિર્માણ થયેલ છે. તે જોઈએ -



(૧) યજ્ઞમંડપનું મુખ્ય પ્રવેશ દ્વાર – જ્યાં યજ્ઞના રક્ષકો દ્વારપાળો ખડે પગે હાજર હોય છે. તે મુખ્ય દ્વાર શ્રીસ્વામિનારાયણ ભગવાને વિશ્વમાં સૌ પ્રથમ પોતાના મહામંદિરનું નિર્માણ અમદાવાદ શહેરમાં કરવાનો પ્રારંભ કર્યો ત્યારે અંગ્રેજ સરકારે આપેલ પડતર જમીનનો જે ચોક હતો તેની વચ્ચેથી ચાલવાનો આજુ બાજુની વસ્તીનો રસ્તો હતો તે લોકો મંદિર બન્યા પછી પણ ચાલવા માટેનો રસ્તો કાયમ ચાલુ રખાવવા માટે અંગ્રેજની કોર્ટમાં દાવો કર્યો ત્યારે કોર્ટે નિર્ણય આપેલ છે કે જ્યારે મંદિરમાં દર્શન થતાં હોય ત્યારે લોકોને જવા દેવા તેથી દરવાજાની સામે બાજુ નાની બારી રાખવામાં આવેલ છે. આ કામની કાર્યવાહી માટે જ અમદાવાદના અગ્રણી હરિભક્ત કુબેરદાસભાઈ છડીદારને શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાનો પાવર ઓફ એટર્ની આપેલ તે પ્રસાદીની બારી જેનો ઉલ્લેખ શ્રીસ્વામિનારાયણ ભગવાનના હસ્તાક્ષર વાળા પત્રથી થાય છે. તે દરવાજો યજ્ઞમંડપના મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર રાખવામાં આવેલ છે.

(૨) યજ્ઞમંડપનું સુરક્ષા કવચ જાળી – હવન સામગ્રીને અને યજ્ઞકુંડને કોઈ પણ કોઈ પણ પ્રકારે અપવિત્ર ન કરે એટલા માટે તેની સુરક્ષા વ્યવસ્થા અવશ્ય કરવી પડે તે જોતાં ચારે બાજુ સુરક્ષા માટે જે જાળીનું નિર્માણ કરવામાં આવેલ છે તે જાળી આનન્દાનન્દ સ્વામીએ શ્રીનરનારાયણાદિ દેવના મંદિરની સુરક્ષા માટે નિર્માણ કરેલ હતી જે મંદિરની જેને કોળી કહેવાય છે ત્યાં શ્રીનરનારાયણદેવની દ્રષ્ટિ સન્મુખ જે ૧૯૨ વર્ષ સુધી હતી તેને અહીં લગાવવામાં આવેલ છે.

(૩) યજ્ઞના ધુમને (ધૂવાંડો) વહન કરનાર ગવાક્ષ – અનેક પ્રકારની સમીધાઓથી જ્યારે હવનકુંડમાં આહુતિઓ અપાય ત્યારે જે ધુમ ધુવાંડો ઉત્પન્ન થાય તેને આકાશ તરફ મોકલાવા માટે ઉપર જે બારી રાખવામાં આવે છે તેને ગવાક્ષ કહે છે. તે બારી ગવાક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાન જ્યારે પણ અમદાવાદ શહેરમાં આવતા ત્યારે શ્રીરંગ મહોલમાં ઉતારો કરતાં હતાં જેના હાલ આપણે દર્શન કરીએ છીએ તે રંગ મહોલના ઉપરના ભાગે શ્રીહરિ પોઢતા ત્યાં ગોખમાં વિરાજમાન થઈને ભક્તોને દર્શન આપતા તેના ઉપર નાની બારી અર્થાત ગવાક્ષ હતી તે ગવાક્ષ ને અહીં યજ્ઞમંડપમાં ઉપરના ભાગે સ્થાપિત કરેલ છે.

(૪) યજ્ઞના મંત્રધ્વનિને વધાવતા સંગીતજ્ઞ દેવો - શ્રીસ્વામિનારાયણ ભગવાને જ્યારે સૌ પ્રથમવાર પોતાના મહામંદિરનું નિર્માણ કરાવીને તેમાં પોતાના સ્વરૂપ એવા શ્રીનરનારાયણાદિ દેવોની પોતાના સ્વહસ્તે પ્રાણપ્રતિષ્ઠા કરી ત્યારે અનન્ત કોટી બ્રહ્માંડોના નિયન્તાઓ બ્રહ્માંડાધિપતિઓ દેવતાઓ યક્ષ ગંધર્વ કિન્નરો સિદ્ધો દેવાંગનાઓ અપ્સરાઓ જયઘોષ સાંભળીને દર્શને આવેલાં તે શ્રીસ્વામિનારાયણ ભગવાનના અલૌકિક પ્રતાપના દર્શન કરીને સ્થિર પૂતળા જેવા થઈ ગયા હતાં તેને તેવાજ રૂપમાં શ્રીહરિએ આનન્દાનન્દ સ્વામી પાસે કંડારાવીને મંદિરના સ્થંભો ઉપર સ્થાપેલ જે ૧૯૨ વર્ષ સુધી ત્યાં જ રહીને શ્રીનરનારાયણાદિ દેવોને પોતાની સંગીત કળાથી પ્રસન્ન કરતાં હતાં તે સર્વ પ્રસાદીના દેવોના સ્વરૂપો આ યજ્ઞમંડપમાં યજ્ઞના મંત્રોચ્ચારના ધ્વનિને સંગીતના સુરનો તાલ લયબદ્ધ પુરાવે છે.

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રેરણા-માર્ગદર્શનથી બનેલા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આકાર પામેલ શ્રી નરનારાયણદેવ યજ્ઞશાળા યથાશાસ્ત્ર ષોડશ (૧૬) સ્તંભને ૨૭ x ૨૭ પૂર્ણાંક યુક્ત તેમજ પ્રતિસ્તંભ નવ-નવ ફૂટનાં અંતર અને મધ્યમાં યજ્ઞ આધાર બ્રહ્મસ્થાને સંપૂર્ણ શાસ્ત્રવિધિ અનુરૂપ કૂંડવાળી સકળપીઠોથી સુસજ્જ બનાવેલછે. જેમાં પ્રથમ યજ્ઞ તા. ૨૩-૧૨-૨૦૧૮ રોજ ધામધૂમથી સંપન્ન થયો. મ્યુઝિયમમાં શ્રી મહાવિષ્ણુયાગ યજ્ઞ નોંધાવવા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની ઓફિસમાં મળવું.

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ડિસેમ્બર-૨૦૧૮

| | |
|---|---|
| રૂા. ૨૫,૦૦૦/- | ભીમજીભાઈ દેવજીભાઈ ટાંક - બોડકા |
| રૂા. ૯,૬૦૦/- | અ.નિ.જસવંતભાઈ અમુલખભાઈ દોશી - નારણપુરા હ. જયેશભાઈ દોશી |
| રૂા. ૫,૦૦૧/- | પ્રફુલકુમાર ધનજીભાઈ ગેલાણી - નવા નરોડા |
| રૂા. ૫,૦૦૦/- | પ્રેમચંદભાઈ પાટડીયા |
| રૂા. ૫,૦૦૦/- | પટેલ પોપટભાઈ સોમાભાઈ વાવોલ - હા. રાણીપ પૌત્ર જયને કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે |
| રૂા. ૫,૦૦૦/- | માધવ જીગ્નેશભાઈ આદ્રોજા - મોરબી - હ. અક્ષર સંદિપભાઈ આદ્રોજા શ્રીજી પ્રસનાર્થે |
| રૂા. ૫,૦૦૦/- | મહેન્દ્રભાઈ નાનાલાલ દેસાઈ - વડોદરા |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ડિસેમ્બર-૧૮

| | |
|---|---|
| તા. ૦૨-૧૨-૧૮ | શ્રી નિરવ ભરતભાઈ મીસ્ત્રી, સાયન્સ સીટી, શ્રી સુનીલ ભરતભાઈ મિસ્ત્રી - હ. દેવ રાજેશભાઈ મીસ્ત્રી |
| તા. ૦૫-૧૨-૧૮ | અ.નિ.ભનુભાઈ નાનજીભાઈ સુહાગીયા - યુ.એસ.એ. - હ.સુખદેવ તથા વાસુદેવ તથા ચંપાબેન |
| તા. ૦૯-૧૨-૧૮ | શ્રી અશ્વિનભાઈ મગનભાઈ જાગાણી |
| તા. ૧૨-૧૨-૧૮ | ધીરજભાઈ હાલાઈ - મોમ્બાસા |
| તા. ૧૫-૧૨-૧૮ | જૈનિલ ભરતભાઈ પટેલ - રિદ્રોલવાળા હ. વિઠ્ઠલભાઈ શીવરામભાઈ પટેલ |
| તા. ૧૬-૧૨-૧૮ | અ.નિ. ઘનશ્યામભાઈ જયેશભાઈ સોનીના સ્મરણાર્થે - હ. જયેશભાઈ છગનભાઈ સોની - નડીયાદ |
| તા. ૨૨-૧૨-૧૮ | પટેલ યોગેશભાઈ વાડીભાઈ કુંડાળવાળા - હા. યુ.એસ.એ. |
| તા. ૨૩-૧૨-૧૮ | સવારે : અ.નિ. બાબુલાલ મણીલાલ શાહ ૧૦૦ વર્ષ થયા તે નિમિત્તે - હ. શરદભાઈ - પ્રાંતિજ<br>સાંજે : શ્રી સ્વામિનારાયણ મંદિર - દરબારગઢ (બહેનોનું) મોરબી હ. સાં.યો.રાજકુંવરબા તથા ઉષાબા |
| તા. ૨૭-૧૨-૧૮ | દક્ષેશભાઈ પ્રેસિડેન્ટ સ્વા. મંદિર - એટલાન્ટા |
| તા. ૨૯-૧૨-૧૮ | ઘનશ્યામભાઈ શંકરભાઈ બેચરભાઈ પટેલ - મોખાસણ |
| તા. ૩૦-૧૨-૧૮ | અ.નિ.બાબુલાલ મગનલાલ સોની - સરખેજ - અ.નિ. હંસાબેન બાબુલાલ સોની - સરાવાળા, અ.નિ. રાજેશભાઈ બાબુલાલ સોની સહપરિવાર |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી મહાવિષ્ણુયાગ યજ્ઞની યાદી ડિસેમ્બર-૧૮

તા. ૨૩-૧૨-૧૮ (પ્રથમ યજ્ઞ) સોની ચુનીલાલ દુર્લભજી - હ. સોની જયેન્દ્રભાઈ ચુનીલાલ (પલીયડવાળા)

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com


# શ્રી કપિશ્વરધામ શ્રી સ્વામિનારાયણ મંદિર મકનસરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ


મૂર્તિ પ્રતિષ્ઠા


મૂર્તિ પ્રતિષ્ઠા


અન્નકૂટ




પુસ્તક વિમોચન


ઉદ્‌ઘાટન



દિપ પ્રાગટ્ય


પુષ્પ ષોડોપચાર


યજ્ઞ આહુતિ




શ્રી મહાવિષ્ણુયાગ






શ્રી મહાવિષ્ણુયાગ
શ્રી મહાવિષ્ણુયાગ






સાંસ્કૃતિક કાર્યક્રમ




મંદિર ઉપર લાઈટીંગ


રક્તદાન શિબિર




મહાપ્રસાદ


મંદિરની સમૂહ આરતી



પ.પૂ.લાલજી મહારાજશ્રીનું સમૂહ પૂજન



આશીર્વચન







સંતો દ્વારા મહંત સ્વામીનું સન્માન





વ્યાખ્યાનમાળાના વક્તાશ્રીઓ



વ્યાખ્યાનમાળાના વક્તાશ્રીઓ








કથાપાન કરાવતા વક્તાશ્રી તથા કથાપાન કરતા સંતો હરિભકતો







1



2





૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં  નારણપુરા મંદિર રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં આયોજીત ૧૨ કલાકની અખંડ ધૂન કરતા સંત-હરિભક્તો. ૨. ગાંધીનગર (સે.૨) મંદિરના ૨૧માં પાટોત્સવ પ્રસંગે સભામાં પ.પૂ.લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા યજમાન પરિવાર તથા ઠાકોરજીનો અભિષેક કરતા પૂ.સંતો.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સેવા કરો, સુખી બનો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

અહો ! આશ્ચર્ય ! અજબ ગજબની વાત ! આવું તો સાંભળ્યું પણ નથી તો જોયું તો ક્યાંથી હોય. એક બળદના આત્માને પ્રભુ સ્વયં ધામમાં તેડી જાય, ''નોતી દીઠી નોતી સાંભળી, પ્રગટાવી એવી પુનિત, પુરૂષોત્તમ પ્રગટી રે.'' વાત સત્ય છે. જરા શાંતિથી વાંચો.

નર્મદાના કિનારાનો વિસ્તાર જેને કાનમ દેશ કહેવાય છે. એ કાનમ દેશમાં ઈટોલા ગામ. ઈટોલાના જીજીભાઈ પાટીદાર, સત્સંગી બહુ સારા. કોઈ માણસે એમને સમાચાર આપ્યા કે તમારા સાધુઓ તવરાના મેળામાં ગયા હતા. અને નર્મદામાં ભારે પુર આવવાથી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. હરિગુણ ગાય છે. બે દિવસના ભૂખ્યાં તરસ્યાં છે. માણસો હતા એ જતા રહ્યા છે અને સંતો રહી ગયા છે.

મુક્તાનંદ સ્વામી જેવા સંતોની તકલીફની વાત સાંભળીને જીજીભાઈનો જીવ ઝાલ્યો ન રહ્યો. જીજીભાઈને એમ થયું, આ તો કેમ ચાલે ? અમારા ઘરમાં અનાજની કોઠીઓ ભરી છે. અને અમારા સાધુ ભૂખ્યાં રહે એ કેમ ચાલે ! અને ખીચડીનો કોથળો તૈયાર કર્યો. તપેલું તૈયાર કર્યું અને એક્કો જોડ્યો. એક્કો એટલે એક બળદ જોડાય એવું નાનું ગાડું. જીજીભાઈ બળદને દોડાવતા દોડાવતા નર્મદા કિનારે પહોંચ્યા. ત્યાં તરાપો ભાડે કરી અને એ તપેલું, ખીચડી બધું મુકી નર્મદાને સામે કાંઠે ગયા.

ત્યાં સંતો પાસે જઈ પગે લાગ્યા. બે દિવસના ચોખ્ખાચટ ઉપવાસ થયેલા હતા. કશું નોતું મળ્યું. ત્યાં જઈને બધી તૈયારી કરી. તપેલું ચડાવ્યું. અડધા કલાકમાં તો ખીચડી તૈયાર થઈ ગઈ. ઠાકોરજીને ધરી પછી સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ..... સ્મરણ કરતાં સંતોએ ખીચડી આરોગી. સંતો બહુ રાજી થયા. જીજીભાઈ તમે બહુ સારી સેવા કરી. સંતો પાણી ઉતર્યા પછી પાછા વળ્યા.

જીજીભાઈને માટે આ પ્રસંગ જીવનમાં ખૂબજ મહત્વનો બની ગયો. વાત એમ હતી કે જીજીભાઈ તો સત્સંગી હતા, સેવા કરતા પરંતુ એમના ઘર આંગણે બાંધેલું એક પ્રાણી એટલે કે બળદ એના માટે આ ઘટના કોઈ અજબ ગજબ કામ કરી ગઈ. જીજીભાઈને જ્યારે ૭૦ વર્ષ થયાં, સ્વામિનારાયણ ભગવાન એમનું આયુષ્ય પુરૂ થયું એટલે ધામમાં લઈ જવા પધાર્યા. જીજીભાઈની બાજુમાં એક હરિભક્ત રહેતા હતા એમને દર્શન દીધાં. મહારાજ ! અત્યારે રાત્રિના સમયે ! હા. જીજીભાઈનું આયુષ્ય પુરૂં થયું છે. એટલે એમને અક્ષરધામમાં લઈ જવા આવ્યા છીએ. મહારાજ ! દયા કરો. જીજીભાઈ તો એટલી બધી સત્સંગની વાતો કરે છે, તમારા ચરિત્રની વાતો કરે છે, નિશ્ચયની વાતો કરે છે તો એમને અહીં રાખો. હમણાં ન લઈ જશો. મહારાજ એમની અહીં બહુ જરૂર છે. અત્યારે જો જીજીભાઈને ધામમાં તેડી જશો તો અત્યારે આ ગામમાં સત્સંગનું બળ, પ્રેરણા આપનાર કોઈ નહી રહે. મહારાજ કહે, એવું છે ? તો સારૂ તમારી ઈચ્છા છે તો જીજીભાઈને રહેવા દઈએ છીએ. અને એના આંગણે બાંધેલો બળદ છે એના આત્માને ધામમાં લઈ જઈશું. અને મહારાજ જીજીભાઈના બળદના આત્માને ધામમાં તેડી ગયા.

આ હરિભક્ત એ વખતે જ રાત્રે બે-અઢી વાગ્યા હશે એટલે કે ત્રીજો પ્રહર ચાલતો હતો. અને જીજીભાઈના ઘરનું બારણું ખખડાવ્યું. જીજીભાઈ જય સ્વામિનારાયણ.... જીજીભાઈ જાગ્યા, બારણું ખોલ્યું. કેમ અત્યારે ખખડાવ્યું ? કંઈ તકલીફ પડી ? ના, એકવાર તમે પાછળ વાડામાં ચાલો. પછી વાત કરૂં. બંને ભક્તો પાછળ વાડામાં ગયા અને જોયું તો બળદ મરેલો પડ્યો હતો. આ હરિભક્ત ભાઈએ જીજીભાઈને બધી વાત કરી

કે તમારા આ બળદનો આત્મા ભગવાનનાં ધામમાં ગયો. મહારાજ અત્યારે મને દર્શન દઈને કહી ગયા કે અમે આ બળદના આત્માને લઈ જઈશું કારણ કે એ સંતની સેવામાં કામ લાગ્યો હતો.

મિત્રો ! ભગવાનનો પ્રતાપ તો જુઓ ! ભૂખ્યા સંતોના માટે અનાજ લઈ જવામાં આ બળદે સેવા આપેલી. એ પ્રાણીના આત્માને પ્રભુ ધામમાં લઈ ગયા. સેવાનો કેટલો પ્રતાપ છે. કેવો મહિમા છે !!!

તપ કરવાથી વાસના ન જાય, તપ કરવાથી જીવ નિર્વાસનિક થતો નથી પણ સેવા કરવાથી નિર્વાસનિક થાય છે. જે વાત વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાન ઉકા ખાચરના દ્રષ્ટાંતથી કહે છે. વળી શિક્ષાપત્રીમાં એ વાત ઉપર સ્વામિનારાયણ ભગવાને સિક્કો મારી દીધો. ''સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્'' માટે સત્સંગમાં ક્યાંય પણ સેવાની તક મળે તો નિશ્વાર્થ ભાવે સેવા કરવી. એવી રીતે દેવ, આચાર્ય, સંત અને સત્સંગની સેવા કરો અને સુખી બનો.

●

### લોભની વાતો

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

આજે તો રજાનો દિવસ છે. ને રજા એટલે મજા. બાળકો રજાના દિવસે રમતો રમે, વાર્તા વાંચે. થોડું ઘણું ભણવાનું પણ થાય. અને રજાનો દિવસ સારી રીતે પસાર થાય. મહેશ અને તેના મિત્રો મહેશના ઘરે વાર્તા વાંચતા હતા. તેમાં આવ્યું કે ''અતિ લોભ એ પાપનું મૂળ છે.'' તેથી મહેશને નવાઈ લાગી. તેણે દાદાજીને પૂછ્યું - દાદાજી ! આ શું કહેવાય ? મને સમજાવો. દાદાજી કહે, તમે મારી બાજુમાં બેસો. હું તમને સરસ વાત દ્વારા એ સમજાવું છું.

દક્ષિણ ભારતના કોઈ નગરમાં એક વેપારી રહેતો હતો તે સુખી હતો પણ અતિ લોભી હતો. આખું જીવન પૈસા ભેગા કરવામાં પસાર કર્યું. છતાં પણ તેને સંતોષ નહોતો. પૈસા કમાવાની કોઈ પણ યુક્તિ તે જતી ન કરતો. એવામાં કોઈ મહાત્માજી તેમના ગામમાં આવ્યા. ઘણા બધા તેમના દર્શને જાય. પણ આ વેપારી તેમના દર્શને ન જાય. જો જાય તો કાંઈ દક્ષિણા મુકવી પડે ને ! એ તો કેમ સહન થાય ! તેની પત્નીએ ઘણો આગ્રહ કર્યો ત્યારે તે જવા તૈયાર થયો.

દર્શને જવાનો સમય એવો પસંદ કર્યો કે રાત્રે જ્યારે બધા ભક્તો વિખરાયા ત્યારે મહાત્માજી પાસે ગયો. પગે લાગ્યો. ગરીબ ન હોવા છતાં પણ જાણે ગરીબ હોય તેમ વિનંતી કરવા લાગ્યો. ''મહાત્માજી ! સહુ તમારી સેવા કરે છે પણ હું ગરીબ હોવાથી કાંઈ ભેટ લાવી શક્યો નથી તેથી ધનના બદલે તનથી સેવા કરૂં'' આમ કહી મહાત્માજીના પગ દબાવવા માંડ્યો. તેની સેવાથી રાજી થઈ મહાત્માજીએ તેની ગરીબાઈ દૂર કરવા એક ગોળી આપી. પછી કહ્યું. ''આ ગોળીની મદદથી તું ધનવાન થઈ શકીશ. કાલે રાત્રે ઉત્તર દિશામાં અહીંથી થોડે દૂર એક કૂવો છે ત્યાં જઈ તું આ ગોળી ખાજે તો તું સહેલાઈથી કૂવામાં જઈ શકીશ. તે કૂવામાં ઘણું બધું દ્રવ્ય છે તું ધારે તેટલું લેજે. પણ સાવધાન ! સૂર્ય ઉગ્યા પહેલા તારે ઘેર પહોંચી જવું પડશે. જો નહીં પહોંચે તો બધું દ્રવ્ય નકામું થઈ જશે.''

આ લોભીનો તો હરખ માતો નહોતો. ફટાફટ ઘરે પહોંચીને તેણે તેની પત્નીને બધી વાત કરી. પત્ની પણ ખુશ થઈ. તેઓ બીજા દિવસની રાત્રીની પ્રતિક્ષા કરવા લાગ્યા. આજનો દિવસ તેમને ઘણો મોટો લાગવા માંડ્યો. એમ કરતા રાત પડી. આ વેપારી તેની પત્ની સાથે મહાત્માજીએ બતાવેલા રસ્તે આગળ વધ્યો. સાથે બે-ત્રણ કોથળા પણ લઈ લીધેલા. કૂવા પાસે પહોંચીને તેણે મહાત્માજીએ

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.in
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦

આપેલી ગોળી મોમાં મુકી. ગોળી મોં માં મુકતા જ પ્રકાશ દેખાયો. આખો કૂવો વિવિધ ઝવેરાતોથી ભરેલો હતો. હિરા-માણેક, નંગ-મોતી, સોના-રૂપાના દાગીના. ઓ....હો.....હો.... આ વેપારી ને તેમની પત્ની તો આભા બની ગયા. તેઓ મુંઝાયા કે શું લેવું ને શું ન લેવું. છેવટે તેમણે તો પેલા કોથળામાં એક બાજુથી ઠાંસી ઠાંસીને બધું ભરવા માંડ્યું. સવાર પહેલાં તો ઘરે આવી જવાનું હતું. તેથી કોથળા ભરીને ઉપાડીને ઘર તરફ ચલવા માંડ્યા. ભારે વજનદાર કોથળા હોવાથી તેઓને થાક લાગવા માંડ્યો. અને ચાલવાની હિંમત પણ ન રહી. તેથી વેપારીની પત્ની કહે - ''આપણે કોથળામાંથી થોડું કાઢી નાંખીએ જેથી વજન હળવું થાય, તો ઝડપથી ઘરે પહોંચી જવાય.'' પણ આ લોભીયાએ તેની પત્નીની સલાહ ન માની. ઘસડાતાં ઘસડાતાં ઠોકર ખાતા ખાતા ચાલ્યા તે પડી જાય વળી ઉભા થાય ને તેમના હાથ પગ પણ છોલાવા લાગ્યા. પણ લોભના કારણે વજન ઓછું ન કર્યું. છેવટે ઘરથી થોડા દૂર હતા ત્યાં સૂર્ય ઉદય થઈ ગયો.

મહાત્માજીના કહ્યા મુજબ તે સૂર્યોદય પહેલા ઘરે પહોંચી શક્યો નહી. અને તેના કોથળામાં ભરેલું સમગ્ર દ્રવ્ય ને ઝવેરાત પથ્થરોને કાંકરાના સ્વરૂપમાં પરિવર્તિત થઈ ગયું. આ જોઈ તેની પત્ની પણ તે લોભી વેપારી પર ગુસ્સે થઈ. બહુ લોભ કર્યો તોં કશું મળ્યું તો નહી પણ વધારાના નુકશાનમાં આ શરીર છોલાઈ ગયું. જો આવો લોભ ન કર્યો હોત તો થોડું ઓછું પણ ઝવેરાત મળ્યું હોત ને આપણે સુખી થઈ ગયા હોત. પણ હવે શું ! પછી તો આ લોભી વેપારીને ખૂબ પસ્તાવો થયો. લોભના કારણે ઘણું બધું ગુમાવવું પડ્યું તેથી ઘણો દુઃખી થયો.

આ વાત કરીને પછી દાદાજીએ કહ્યું કે જોયું બાળકો ! આ લોભીએ લોભના કારણે કેટલું બધું ગુમાવ્યું. લોભીને સંપત્તિ હોવા છતાં તેના જીવનમાં શાંતિ હોતી નથી. ગમે તેટલું સુખ પ્રાપ્ત થાય છતાં વધુ મેળવવાની લ્હાયમાં તે સુખ ભોગવી શકતો નથી. અને આવા લોભીની ભેગી કરેલી સંપત્તિ કોઈના પણ ઉપયોગમાં કે પોતાના ઉપયોગમાં પણ ન આવી શકવાથી ધૂળ બરાબર ગણાય છે. તેથી કહ્યું છે કે - અતિ લોભ એ પાપનું મૂળ છે. હવે ખ્યાલ આવ્યો ને ? બાળકો દાદાજીની આ વાત સાંભળી રાજી રાજી થઈ ગયાં.

મિત્રો ! તમને પણ આ વાત વાંચીને મજા પડી હશે. અને શીખ પણ મળી હશે. બરાબરને ? આપણે સંતોષ સાથે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આપણને જે પરિસ્થિતિમાં રાખ્યા હોય તેમાં સુખેથી જીવીએ અને ભગવાનનું ભજન કરીએ.

### સાભાર સ્વીકાર

શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની કલમે લખાયેલ શાસ્ત્રોના સંદર્ભ સાથે ભાવવાહી શૈલીમાં લખાયેલ ઈષ્ટદેવ

**શ્રીહરિના વનવિચરણની કથા** ના પુસ્તકનું સુંદર પ્રકાશન થયું છે.

-: પ્રાપ્તિ સ્થાન :-

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ, સાહિત્ય કેન્દ્ર

શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩ - ગાંધીનગર.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરની ઓફિસ નંબર**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**

શ્રી સ્વામિનારાયણ

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) ''આ સત્સંગ સભાના માધ્યમથી આપણા મનની અંદરની 'સમજ' બદલવાની છે''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

**આપણે આ સત્સંગ સભા કરીએ છીએ તેનો હેતુ શું છે ? તો** આપણા આત્માની શાંતિ માટે, પોતાના કલ્યાણ માટે, આપણા વિચારોને લીધે આપણા ચિત્તમાં ઉઠતા વમળોને શાંત કરવા માટેની આપણી વધારે સમજ ખીલે અને આપણી આધ્યાત્મિક **'પ્રગતિ'** થાય તેના માટે આ બધું છે. તો આ સત્સંગ સભા પછી ઘેર જઈને **'આત્મ-ચિંતન'** અને **'મનન'** કરીને આપણે પહેલા આપણા મનને સમજવું પડે. તો આપણી અંદર જે મન છે તે બે પ્રકારના છે **ચેતન મન અને અચેતન મન. તો અચેતન મન છે તે જ કારણ છે. આપણા સ્વભાવનું. કેમ કે ?** આપણે વિચારીએ તો દરેક વ્યક્તિના સ્વભાવ જુદાં જુદાં હોય છે. એમાં આપણે જોઈએ તો મોટે ભાગે ત્રણ રીતે વિચારતા લોકો આપણને જોવા મળે છે **'સકારાત્મક', 'નકારાત્મક' અને 'સ્થિતપ્રજ્ઞ'** તો જે વ્યક્તિ સકારાત્મક વિચારે છે તે શું કરશે તો આપણે એને કોઈ કામ બતાવીએ તો ભલે ના આવડતું હોય તો પણ કહેશે કે જોઈએ થઈ જશે. જ્યારે બીજી વ્યક્તિ જેનું નકારાત્મક મન છે. તે ભલે આવડતું હોય થઈ શકે તેમ હોઈ તો પણ કહેશે મને ન આવડે ને મારાથી ન થાય. એમ પહેલા ના જ પાડી દેશે અને જે સ્થિત પ્રજ્ઞ છે તે હા પણ નહિ પાડે અને ના પણ નહિ પાડે. તો આપણને અંદરથી જે **સંકલ્પ વિકલ્પ** થાય છે તે પૂર્વ જન્મનું જે સૂક્ષ્મ શરીરની સાથે અચેતન મનમાં ભરેલું હોય છે તે હોય છે. **એનું પ્રમાણ શું ? તો** નાનું બાળક હોય છે. તરતનું જન્મેલું હોય છે. જેની આંખો બંધ હોય છે. જેણે હજી બહારની દુનિયા જોઈ નથી હોતી તો પણ ક્યારેક હશે છે. ઉંઘમાં રહે પણ છે. અમુક વખતે તેને બીક પણ લાગે છે. માટે ગભરાઈ જાય છે. તો કહેવાનો અર્થ છે કે તેના મનમાં જે ભય, શોક, હર્ષ આ બધી જે લાગણીઓ થાય છે **તેનું કારણ પૂર્વ જન્મનું અચેતન મન છે. તેમાં જે સંકલ્પ-વિકલ્પ થાય છે તે જીવ સાથે જડાઈ ગયેલું હોય છે. સૂક્ષ્મ શરીરમાં સાથે આવ્યું હોય છે. તે બધું અંદર ભરેલું હોય છે.** અને તેણે બહારની દુનિયા હજી જોઈ નથી હોતી એટલે તેને વધારે યાદ હોય છે. જેમ જેમ તેના મન પર બહારના જગતની છાપ પડતી જાય છે તેમ તેમ પૂર્વ જન્મનું ભૂલાઈ જાય છે. આપણને પણ ઘણી વખત એવું થાય છે ને ? જે પહેલા જોયું હોય છે. તેને બહુ ટાઈમ થાય એટલે ભૂલી જવાય છે. તો એવી જ રીતે શરીર છૂટે તે વખતે ઘણી વેદના થાય છે. એ પીડાને લીધે જે જીંદગી જીવી હોય છે તે ભૂલાઈ જાય છે. અને ભગવાનની મરજી પણ એવી હોય છે **કેમ કે ? જો** આપણને દરેક જન્મનું બધું જ યાદ રહી જાય તો જીવવું પણ અશક્ય થઈ જાય છે. એટલે આ જીવ ઉપર ભગવાનની એ **'કૃપા'** છે. છતાં પણ ૧૦૦% ભૂલાતું નથી. જે સૂક્ષ્મ શરીર સાથે જાય છે. તે અચેતન મનમાં રહી જાય છે. ઘણાને સ્વપ્ન આવે છે તો પણ એવું આવે છે કે ક્યારેય જોયું ન હોય સાંભળ્યું પણ ન હોય અને આપણા જીવનમાં એવું ક્યારેય બન્યું પણ ન હોય એવું પણ સ્વપ્ન આવે છે. જે અચેતન મનમાંથી આવે છે. **'સ્વપ્ન એટલે બુધ્ધિ રહિત મનની કલ્પના'** આપણે સૂઈ જઈએ છીએ ત્યારે આપણી બુધ્ધિ શાંત થઈ જાય છે. જો બુધ્ધિ એનું કામ ચાલુ રાખે તો આપણને ઉંઘ જ ના આવે અને ઘણીવાર આપણે જોઈએ તો આપણને ઉંઘ જ ના આવે અને ઘણીવાર આપણે જોઈએ તો જન્મથી જે અંધ હોય તેને પણ સ્વપ્ન આવે છે. તેને સાંભળીને જે સંકલ્પ વિકલ્પ થયા હોય તેના આધારે અને પૂર્વનું અચેતન મન આ બધું ભેગું થઈને આવે છે. ઘણીવાર આપણે સૂઈ જઈએ તો ખબર પણ નથી પડતી કે ક્યારે સવાર થઈ જાય છે. તો ત્યારે આપણું મન પણ શાંત હોય છે. તેને **સુષુપ્તિ અવસ્થા** કહેવાય છે.

આપણા અચેતન મનમાં બધું અનેક જન્મોનું ભરેલું હોય છે. એટલે તેને શાંત કરતા શુધ્ધ કરતા વાર લાગે છે. તો અચેતન મનને શાંત કરવા શું કરવાનું ? તો મનને ટકોર કરતા રહેવાનું, વિચારીને સમજાવવાનું અને મનમાં વિચાર આવે ત્યારે અંતરાત્માને પૂછીને કરવાનું કે હું જે કરું છું તે યોગ્ય છે કે નહિ. કેમ કે ? વિચાર છે ને તેમા તમે તન્મયાકાર નહિ થાઓ ભળશો નહિ ને તો ખરી પડશે. તેના પર અમલ કરવો કે નહિ તે તમારે નક્કી કરવાનું છે. નહિ તો અનેક જન્મોનું અજ્ઞાન, નેગેટીવ, પોઝીટીવ જે મનમાં ભરેલું છે તે તેને જીવનમાં જ્યારે અનુકૂળ સંજોગો મળે ત્યારે અંદરથી નીકળવાનું જ છે. માટે આપણે તૈયાર રહેવાનું છે. અને આ સત્સંગના માધ્યમથી વિવેકથી શીખવાનું છે કે એમાં ભળવું કે નહિ, નહિ ભળીએ ને એ વિચારોને મહત્વ નહિ આપીએ ને તો વિચારો તો આવીને જતા રહેશે ખરી પડશે. મનને કહી દેવાનું કે તારે જેમ કરવું હોય તેમ કર તારી વાતમાં મારી **'સહી'** નથી એટલે એની **'કુદાકુદ'** બંધ થઈ જશે. દા.ત. જો આપણે ઘેરથી અહિંયા સત્સંગમાં આવવા નીકળીએ છીએ તો કેટલા લોકોને મળીએ છીએ કેટલું બધું જોવા મળે છે. પણ આપણે તેમાંથી જે જોવું હોય તે જ જોઈએ છીએ. જે યાદ રાખવા જેવું લાગે છે તે જ યાદ રાખીએ છીએ. દરેક વાતને વ્યક્તિને મહત્વ નથી આપતા તેવી રીતે મનમાં જે વિચારો આવે છે તેને જોવાના જાણવાના સમજવાના અને **આપણા ધ્યેયને અનુરુપ યોગ્ય વિચારો હોય તેને જ** અપનાવવાના. દરેક વિચારને તાબે નહિ થવાનું એ એક ઉપાય છે. આવી રીતે અંદરની **'સમજ'** બદલવાની છે.

અને બીજો ઉપાય એ છે કે ભગવાનના નામનું સતત સ્મરણ કરવાનું અને હંમેશા સકારાત્મક વિચારવાનું. **જો સકારાત્મક દ્રષ્ટિકોણ થઈ જાય તો કોઈપણ પરિસ્થિતિમાં જીવન જીવવાનું સરળ થઈ જાય છે.** અને શબ્દો કરતા જીવનમાં ચિત્રનો પ્રભાવ વધારે પડે છે. દા.ત. નાના બાળકને આપણે કાંઈ પણ શીખવાડવું હોય તો ચિત્ર બતાવીને શિખવાડવું તે જ રીતે સ્કૂલમાં પણ શીખવવામાં આવે છે, તો જલ્દી યાદ રહી જાય છે. તેવી રીતે આપણે જ્યારે પણ પરમાત્માનું સ્મરણ કરીએ કે જપ કરીએ ત્યારે મહારાજના સ્વરૂપનું ધ્યાન કરીને કરવાનું અને સખા ભાવે ભક્તિ કરવાની. ધારો કે આપણી કોઈ બહેનપણી હોય અથવા નજીકના સગા હોય જેના પ્રત્યે આપણને વધારે હેત હોય તો તેને યાદ કરવા માટે આંખ બંધ કરવી પડતી નથી. મનમાં તેનો ચહેરો યાદ આવી જ જાય છે. તો એવું હેત ભગવાન સાથે રાખવાનું. તો ભગવાનની મૂર્તિ આંખ સામે આવશે તો ભગવાને કરેલી લીલામાંથી સાંભળેલા ચરિત્રોમાંથી એક તો યાદ આવી જ જશે.

એમ કરતાં કરતાં આપણા મનની અંદર રહેલા **જગતના પ્રવાહરૂપી 'વમળો' શાંત થઈ જશે. આપણું મન સારા કાર્યોમાં જોડાશે. મહારાજની મૂર્તિમાં જોડાશે.** આ સત્સંગ સભા કથાઓ એ બધું એના માટે જ છે, **કે આપણું મન શુધ્ધ થઈ જાય વિનાશી વસ્તુમાં જે આપણું અશુધ્ધ ચિત્ર જોડાયેલું છે. તેમાંથી અવિનાશીમાં જોડાય અને આપણને અવિનાથી સુખની પ્રાપ્તિ થાય.** તો મહારાજ તમને બધાને એવી શક્તિ આપે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

●

### "હું માનવી માનવ થાઉં તો ઘણું"

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

આપણે આ સંસારમાં આવ્યા છીએ તો ખાધું, પીધું, ઉંઘ્યા, જાગ્યામાં જ રચ્યા પચ્યા રહેવાં કરતાં થોડાક પણ બીજાને (અને પોતાને પણ) ઉપયોગી બનીએ તો આપણે જીવી જાણ્યાનો થોડો પણ આનંદ લઈ શકીએ. બાકી તો બધાનાં (ઘણાંના) મોઢે આવું સાંભળવા મળે છે. આ જીંદગીમાં છે શું ? ગધ્ધા વૈતરું, દોડધામ, ઘડીની નવરાશ

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com ● મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com ● ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com ● વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org ● અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com ● નારણપુરા : www.sankalpmurti.org
ધોળકા : www.swaminarayanmandirdholka.co.in

નહીં ને પાઈની પણ પેદાશ નહીં, આ તે કંઈ જીવન કહેવાય ? ત્યારે આ કવિ વચન યાદ રાખવું જોઈએ કે,

**"માનશોં ને કે જીંદગી રૂપે સજા લીધી,**
**જીંદગીની કદાચ ના તમે મજા લીધી."**

જીંદગી તો પ્રભુ તરફથી મળેલો દિવ્ય પ્રસાદ છે. એ પ્રસાદને લાયક આપણે બનતા નથી. ને પછી નસીબ ને અને લોકોને બોલીએ છીએ. એ ભૂલી જઈએ છીએ કે "આપીએ એવું પામીએ.. વાવીએ એવું લણીએ, કરી એ એવું ભોગવીએ. બાવળ વાવીને આપણે કેરીની આશા રાખનાર મૂરખના સરદાર જ છીએ. હું કોઈને ગામ આપું તો સામેથી હું શું મેળવવાનો ? જીવન ભર મેં લોકો ઉપર ખાર રાખ્યા કર્યો હોય તો મને પ્યાર ક્યાંથી મળવાનો ?

**"જીવ્યા ઝાઝો ખાર લઈને,**
**ક્યાંથી જઈએ પ્યાર લઈને,**
**ફૂલ સમા શી રીતે થઈએ,**
**બેઠા છીએ ભાર લઈને."**

ભલાભાઈ, કેટકેટલા ભાર લઈને આપણે બેઠા છીએ? ભાર તો બહારનો પણ હોય ને અંદરનો પણ હોય. હા.....? અંદરનો ભાર ખૂબ ભયાનક છે. એ યાદ રાખજો. વેર, ખાર, ઈર્ષ્યા, દ્વેષ, નિંદા કૂથલી, અદેખાઈ, વ્યંગ, અહંકાર, મોહમાયા, લોભ, કામેચ્છા. આ બધા અંદરના ભાર છે. સંતોએ એટલે જ આ બધા ભાર ને ફેંકી દેવાની વાત કરી છે. એ ભાર ને ફેંકી દઈશું તો જ આપણે હળવાફૂલ થઈ શકીશું. આ બધા અંદરના ભાર ને આપણે સત્સંગ, સારી સોબત, સારા વાંચન અને સારા વર્તનથી જ ફેંકી શકીશું. કોઈ કવિએ કહ્યું છે કે,

**"વજન કરે તે હારે, મનવા, ભજન કરે તે જીતે."**

ખોટો ભાર તે વજન અને સદ્વર્તન સદ્ગુણોનું આચરણ એ ભજન. વજન કરવું કે ભજન કરવું તે આપણાં હાથની વાત છે. પણ આ બધું કરવાની આપણને નવરાશ જ ક્યાં છે ? હા....? આપણને નિંદા કૂથલી કરવાની, ગપ્પા મારવાની, વ્યર્થ પ્રવૃત્તિઓ કરવાની અને જ્યાં ત્યાં રખડવાની તો ખૂબ જ નવરાશ છે ? કોઈપણ દેશના લોકોને આવી અને આટલી નવરાશ નથી. પૂછી જોજો. પરદેશથી આવેલા તમારા મિત્રો કે સગા સંબંધીઓને. એક બાજુ આપણે કરવા જેવું કંઈ કરવું નથી અને બીજી બાજુ આપણે કહેવું છે કે આઈ હેવ નો ટાઈમ ? સંસારમાં આવ્યા છીએ એટલે આપણે આપણી જ ફરજો બજાવવા અને ખર્ચ કરવા કમાવવું તો પડશે જ. કારણ કે અમુક હદ સુધી પૈસા પણ જરૂરી છે. પરંતુ પૈસા કમાવવા એ જેટલું જરૂરી છે એટલું જ સારી રીતે એટલે કે સાચી રીતે જીવવું પણ જરૂરી છે. માટે આપણે કોઈને નડીએ નહીં અને સહુને ઉપયોગી થઈ પડીએ એવું જીવવા હંમેશા વિચારવું જોઈએ. કવિએ એટલે જ કહ્યું છે, કે **"હું માનવી માનવ થાઉં તો ઘણું."**


**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં**
**શ્રી નરનારાયણદેવ આદિ દેવોના**
**થાળ-રસોઈની યાદી**

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૦૦૦/- | |
| માલપુવા | રૂા. ૨,૦૦૦/- | રૂ । . ૧૧,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૩૦૦/- | રૂ । . ૧૨,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂ । . ૧૨,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂ । . ૧૧,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂ । . ૧૭,૦૦૦/- |

**Mo. : 8238001666**

શ્રી સ્વામિનારાયણ

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં ધનાઢ્ય હરિભક્તો માટે બે આજ્ઞા કરી છે તે શિક્ષાપત્રીના ક્યા શ્લોકોમાં છે ?

પ્ર. ૨ શ્રીજીમહારાજના દર્શને સારંગપુરમાં બોટાદના ભગા શેઠ અને નરશી જોશી દર્શને આવ્યા તે વખતે મહારાજે જોશીને કહ્યું કે, તમે ભાવનગર દરબારની કચેરીમાં જે બોલ્યા હતા તે બોલો.'' નરશી જોશી એવું શું બોલ્યા હતા ?

પ્ર. ૩ ''પ્રભુ પદ કર પ્રીત, નિત જનમ જીવ જાવે, સ્વાસ્થ્ય સંસાર બાર, દિન દિન દુઃખ આવે.'' - આ કીર્તન ના રચયિતાનું નામ જણાવશો.

પ્ર. ૪ ''ભગવાન શે પ્રકારે રાજી થાય છે ?'' વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછ્યો છે ?

પ્ર. ૫ ''ન તદભાસયતે સૂર્યો ન શશાઙ્કો ન પાવક યદ ગત્વા ન નિવર્તન્તે તદ્ધામં પરમં મમ ॥ આ શ્લોક ગીતાજીના ક્યા અધ્યાય અને કેટલામો શ્લોક છે ?

પ્ર. ૬ શ્રીમદ્ સત્સંગિજીવનમાં ''નારાયણ ગીતા'' કહેવામાં આવી છે. ક્યા પ્રકરણમાં ? કેટલેથી કેટલા શ્લોકમાં.

પ્ર. ૭ કુંડળના રઈબા રામાનંદ સ્વામીના વખતના સત્સંગી હરિભક્ત બહેન હતા. તેમને ત્રણ પુત્રો હતા. તેમના નામ શું હતા ?

## ડિસેમ્બર-૨૦૧૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** શ્લોક ૧૧૩. **(૨)** સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, વિષ્ણુની પૂજા, વૈશ્વદેવ. **(૩)** શ્રીજીમહારાજે, ''સત્સંગમાં દૃઢ પાયો કોનો થાય ને કેનો ન થાય. **(૪)** તરંગ-૯૩, ''અંતે અક્ષરધામને પામે, પંચ પાપ બળે દુઃખ વામે.'' **(૫)** આ અચિત્યાનંદ સ્વામી પૂર્વે કારિયાણી ગામના માંચો ભગત ગલઢેરા હતા. તે પ્રથમ મારગીપંથમાં હતા. તે અમારે વચને કરીને સાધુ થયા અને તેમનું પ્રારબ્ધ તો એવું હતું, કે રુંવાડે રુંવાડે જીવડા પડે એવું હતું. અમારું એમણે માન્યું તો તેમનું પ્રારબ્ધ બધું તે ટળી ગયું.'' **(૬)** પ્રથમ ભગવાનની કથા સાંભળીને સત્સંગનું માહાત્મ્ય સમજાય, ભગવાનનું સત્સંગનું માહાત્મ્ય સમજાયું હોય પછી ભગવાનનું ધ્યાન કરે, ધ્યાન કરવાથી આત્મા બળવાન બને છે. આત્માનું બળ વધે છે. એટલે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર જીવને આધિન બની જાય છે. માટે પુરુષ પ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વ સાધન પછી મોટું સાધન છે. **(૭)** સ.ગુ. પ્રેમાનંદ સ્વામી.

૧ રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૨ સોની હરિલાલ ગીરધરલાલ (નારણઘાટ)
૩ મીનાબેન (અંબાવાડી)
૪ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૫ કંચનબેન બાબુભાઈ (રતનપર)
૬ પટેલ અલકાબેન દિનેશકુમાર (લુણાવાડા)
૭ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૮ ભાવનાબેન કમલેશ (ખંઘેડીયા- મોરબી)
૯ સાં.યો. બહેનો (સ્વા. મંદિર જુનું મોરબી)
૧૦ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૧૧ સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર હવેલી)
૧૨ અરવિંદાબેન, વીણાબેન ભાવસાર (નવરંગપુરા)
૧૩ વિનોદ પી. પટેલ (વહેલાલ)
૧૪ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૧૫ પટેલ સંગીતાબેન અરૂણભાઈ (અંબાપુર)
૧૬ ઈલા પ્રવિણભાઈ પટેલ (અંબાપુર)
૧૭ શારદાબેન હીરાભાઈ પટેલ (સાબરમતી)
૧૮ ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૧૯ પલ્લવી આર. સોની (સુરેન્દ્રનગર)
૨૦ પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ)
૨૧ સંગીતાબેન મનોજકુમાર પટેલ (અંબાપુર)
૨૨ કોકિલાબેન બાબુભાઈ પટેલ (સાબરમતી)
૨૩ શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૨૪ નટવરભાઈ પરષોતમદાસ (નિર્ણયનગર)
૨૫ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૨૬ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૭ પટેલ જયંતિભાઈ
૨૮ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૯ જ્યોત્સના ગાંધી (સુરેન્દ્રનગર)
૩૦ શોભના કે. ઝોલાપરા
૩૧ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૩૨ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૩૩ ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (ઝુલાસણ)
૩૪ ગંગાબેન પટેલ (ઝુલાસણ)
૩૫ જોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા)
૩૬ ડાભી પ્રભાતસિંહ કે. (ડાંગરવા)
૩૭ ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ પટેલ (રાણીપ)
૩૮ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૩૯ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૪૦ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૪૧ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ
૪૨ પટેલ કલાવતીબેન વિરેન્દ્રભાઈ (વિરાટનગર)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ ધૂન મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી તા. ૧૬ ડિસેમ્બર-૨૦૧૮ થી પવિત્ર ધનુર્માસ પ્રારંભ થતા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને સમગ્ર ધર્મકુળની શુભ નિશ્રામાં પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં અને સવારે ૫-૪૫ રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ સવારના ૫ થી ૫-૩૦ દરમ્યાન હજારો સંત-હરિભક્તો સર્વોપરી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનની રમઝટ બોલાવતા ત્યારે સ્વયં શ્રીહરિ સભામાં પ્રત્યક્ષ હાજરા હજૂર હોય એવી પ્રતિતી સૌને થતી. ૩૦૦૦ જેટલા હરિભક્તોની આખા માસની અને દૈનિક ધૂન ૫૦૦૦ હરિભક્તો તરફથી થઈ હતી. આખા ધનુર્માસમાં વહેલી સવારમાં જાગીને શ્રી નરનારાયણદેવ સન્મુખ મહાઅલૌકિક ધૂનનો લાભ હજારો મુમુક્ષુઓએ લઈને જીવન સફળ કર્યું હતું. જેને ભજન કરવું છે તેને બેસીને અથવા ઉભા ઉભા પણ પ્રેમથી ભજન કરતા જોવા મળતા હતા. સમગ્ર ધનુર્માસ દરમ્યાન ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત મંડળ અને હરિભક્તોએ ખૂબજ પ્રેરણારૂપ સેવા કરીને ઠાકોરજીનો રાજીપો મેળવ્યો હતો. (કોઠારી શા. નારાયણમુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં નારાયણપુરા મંદિર રજત જયંતી ઉત્સવના ઉપલક્ષમાં અખંડ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં વિરાજમાન સંકલ્પ મૂર્તિ સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીહરિ પ્રસ્થાપિત નવ મહામંદિરોમાં અખંડ ધૂનના આયોજન પૈકી છેલ્લે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં તા. ૨૩-૧૨-૧૮ ને રવિવારના સવારના ૫-૩૦ થી સાંજના ૫-૩૦ સુધી સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ વિદ્વાન વયોવૃધ્ધ સંતોની ઉપસ્થિતિમાં અને નારણપુરા મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીના સુંદર આયોજન દ્વારા અ.નિ. સ.ગુ. સ્વા. શ્રીહરિદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી અને અ.નિ. સ્વામી ધર્મકિશોરદાસજીના સ્મરણાર્થે અને અ.નિ. વસંતાબેન ભગવાનભાઈ પટેલની પુણ્ય સ્મૃતિમાં સ.ગુ. સ્વામી આનંદપ્રિયદાસજીની પ્રેરણાથી અખંડ મહામંત્ર ધૂનનું ભવ્ય આયોજન થયું હતું.

આ પ્રસંગે મહાપ્રસાદના યજમાન અ.સૌ. પીનાબેન નવીનભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. (કોઠારી શા. મુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા પ્રથમ પાટોત્સવ કથા-શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તથા સ.ગુ. ભંડારી સ્વામી જયપ્રકાશદાસજી (કાલુપુર) તથા સમસ્ત સત્સંગ સમાજ એવમ્ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ધમાસણાના સુંદર આયોજન દ્વારા શ્રી સ્વામિનારાયણમંદિર ધમાસણાનો પ્રથમ વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૩-૧૨-૧૮ થી તા. ૭-૧૨-૧૮ પર્યન્ત શ્રીહરિ સ્મૃતિ પંચાન્હ રાત્રીય પારાયણ સ.ગુ. શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) ના વક્તાપદે સંગીતના મધુરતાલે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ભવ્ય શાકોત્સવ પણ ઉજવાયો. કથામાં સહિંતા પાઠમાં સ.ગુ. પુરાણી સ્વામી બાલસ્વરૂપદાસજી (ધમાસણા) બિરાજયા હતા.

શાકોત્સવના મહિમાની કથા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ પોતાની મધુર વાણીમાં સૌને સંભળાવી હતી.

આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૭-૧૨-૧૮ ના રોજ પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારીને ભવ્ય શાકોત્સવનો વઘાર સ્વયં વધારીને સૌને શાકોત્સવના દર્શન કરાવ્યા હતા. કથા દરમ્યાન સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. ગોપાલજીવનદાસજી (પ્રાંતિજ) એ કર્યું હતું. આ પ્રસંગે ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા. ગામના તમામ હરિભક્તોએ યજમાન બની મહા લાભ લીધો હતો. ધમાસણા અને દશ ગોળના ગામના હરિભક્તોએ કથામૃત પાન કરી, દેવ દર્શન-ધર્મકુળ દર્શન અને સંતોની અમૃત રૂપ વાણીનું પાન કરી શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (ઉર્મિક પટેલ - ધમાસણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રામનગર સાબરમતી**
**શ્રી વચનામૃત જયંતી**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી મહિલા મંડળ સાબરમતી દ્વારા તા. ૧૧-૧૨-૧૮ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર રામનગરમાં વચનામૃત જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. છ માસમાં વચનામૃત (૨૭૩) ની ૨૪૧ પારાયણ કરી હતી. આ પ્રસંગે હવેલી (કાલુપુર)માંથી સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા અને કથાવાર્તા કરીને શ્રી વચનામૃત ગ્રંથનું પૂજન અને સમૂહ આરતી કરી સૌએ સુંદર લાભ લઈ સાથે પ્રસાદ લીધો હતો. (મહિલા મંડળ - સાબરમતી)

**મેડા (મેઢા) ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) પ્રાણ પ્રતિષ્ઠા અને ભાઈઓના મંદિરનો શતાબ્દી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સાં. કંચનબા કુંદનબાની પ્રેરણાથી તેમજ કાલુપુર મંદિરના માજી ટ્રસ્ટી પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ (મેડા) તથા કોઠારી રાજુભાઈના સુંદર માર્ગદર્શનથી તેમજ સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી તા. ૧૦-૧૨-૧૮ થી તા. ૧૪-૧૨-૧૮ પર્યન્ત બહેનોના નૂતન શ્રી સ્વામિનારાયણમંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા ભાઈઓના મંદિરનો શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ. પુરાણી સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બાવળા મંદિર મહંતશ્રી) ગુરુ ધ્યાનિ સ્વામીના વક્તાપદે ધામધૂમથી સંગીતના મધુર તાલે સંપન્ન થઈ હતી. સમગ્ર કથા દરમ્યાન સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી નારાયણમુનિદાસજી (કોટા મંદિર મહંતશ્રી) તેમજ સ.ગુ. મહંત શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારણઘાટ)એ સુંદર રીતે સંભાળ્યું હતું.

તા. ૧૪-૧૨-૧૮ ના સવારના આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના શુભ વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. ત્યારબાદ સભામાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સમસ્ત બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તેમજ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામીએ ત્રણ દિવસ પધારીને લાભ આપ્યો હતો. ધામોધામના સંતોએ સતત પધારીને અમૃત વાણીનો લાભ આપેલ. ધામોધામથી સાંખ્યયોગી બહેનો પણ અત્રે પધાર્યા હતા.

કથામાં આવતા જન્મોત્સવ આદિ ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. મેડા ગામના સમસ્ત હરિભક્તો-યુવક મંડળ-મહિલા મંડળ આદિએ ખૂબજ શ્રધ્ધા-ભાવનાથી સેવા કરી હતી. આ પ્રસંગે ગામની દીકરીઓને ભેટ સોગાંદ અર્પણ કરવામાં આવી હતી. (કોઠારીશ્રી રાજુભાઈ - મેડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૪-૧૨-૧૮ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય સમૂહ શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે ધામોધામથી પધારેલા સંતોએ શાકોત્સવનો મહિમાં કહ્યો હતો. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. આવા ભવ્ય સમૂહ શાકોત્સવમાં ડાંગરવા, વડુ, આનંદપરા, કરજીસણ, વેડા, ભાઉપુરા, સોજા, ખારા આંબા, બોરૂ આદિ ગામના ભક્તો એ સાથે મળી આયોજન કર્યું હતું. દશ હજાર જેટલા ભક્તોએ શાકોત્સવનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (શા.સ્વા. માધવપ્રિયદાસ - સ્વા. મંદિર ટાંકીયા)

**કોટેશ્વર ગુરુકુળમાં શાકોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. શા.પી.પી. સ્વામી (ગાંધીનગર)ના માર્ગદર્શનથી શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર ખાતે તા. ૨૩-૧૨-૧૮ ને રવિવારના રોજ રામનગર (સાબરમતી) સમસ્ત સત્સંગ સમાજ તરફથી ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે પૂ. શા. વ્રજભૂષણ સ્વામી, પૂ. ઉત્તમપ્રિય સ્વામી આદિ સંતોએ કથા વાર્તા કરીને સુંદર લાભ આપેલ. (શા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર નો ૨૯ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા હિંમતનગર મંદિરના મહંત શા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૧૦-૧૨-૧૮ ના રોજ પ.ભ. પૂંજાભાઈ જોઈતાભાઈ તથા પ્રબોધભાઈ પૂંજાભાઈ અને રાજેશભાઈ પૂંજાભાઈ પરિવાર તરફથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગરમાં બિરાજમાન ઠાકોરજીનો ૨૯ મો પાટોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે ઉજવાયો. સૌ પ્રથમ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી નિર્માણાધિન મંદિરનું નિરીક્ષણ કરી સભામાં બિરાજમાન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે જેતલપુર, વાલી, બીલીયા, નારણપુરા, સાપાવાડા, લાલોડા, પ્રાંતિજ અને અમદાવાદ આદિ ધામોથી સંતો પધાર્યા હતા. યુવક મંડળ અને

મહિલા મંડળે પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (વિપુલ ભગત - હિંમતનગર મંદિર)

**જેતલપુરધામમાં ધનુર્માસ ધૂન મહોત્સવ**

સર્વજનોના સંકલ્પને પૂર્ણ કરતા એવા મહાપ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના પરમ પવિત્ર સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના સ.ગુ. મહંત પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. શાસ્ત્રી શ્રી પી.પી. સ્વામીની પ્રેરણાથી અને સ.ગુ. મહંત શ્રી કે.પી. સ્વામીના સુંદર આયોજન દ્વારા આખો ધનુર્માસ જેતલપુર ધામના પ્રસાદીના સભા મંડપમાં જેતલપુરનું સંત મંડળ અને જેતલપુર અને દશકોશીના મુમુક્ષુ હરિભક્તોએ પ્રાતઃ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. (મહંત કે.પી. સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ૧૯ મો પાટોત્સવ એવમ્ કથા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ મહંત શા. સ્વામી પી.પી. સ્વામી અને સમસ્ત સત્સંગ સમાજ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણમંદિર ગાંધીનગર, (સે-૨) નો ૧૯ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૮-૧૨-૧૮ થી તા. ૧૨-૧૨-૧૮ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ રાત્રીય પંચાન્હ પારાયણ સ.ગુ.શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. પાટોત્સવના યજમાન પ.ભ. રણછોડભાઈ વિઠ્ઠલભાઈ પટેલ અ.સૌ. સુશીલાબેન રણછોડભાઈ પટેલ (કુડાસણ) પરિવાર રહ્યાં હતા.

